Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




ઓગષ્ટ ૧૯૮૦ (૪૪૨) વર્ષ ૩૭ અંક ૨

# જૈન દર્શનનો મૂળ સિદ્ધાંત

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી.
* દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય.
* પરદ્રવ્યની સામે જોતાં રાગ જ થાય.
* પોતાના દ્રવ્યમાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પાડીને જોતાં કે ગુણ–ગુણીના ભેદ પાડીને જોતાં રાગ જ થાય, વીતરાગતા ન થાય.
* પંચમ પરમપારિણામિક ભાવનો આશ્રય કરવાથી જ ધર્મ–વીતરાગતા થાય—એ ઉપરના ચાર બોલનો સાર છે; આ જૈનદર્શનનો મૂળ સિદ્ધાંત છે.

આહાહા! આ વાત ભગવાનના ઘરની ને ભગવાન થવાની છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બેસે નહિ ત્યાં સુધી કર્તાબુદ્ધિ છૂટે નહિ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ ને સ્પર્શે નહિ, એ બીજા દ્રવ્યનું કરે શું? આ વાત દાંડી પીટીને સિંહનાદથી કહેવાય છે. વીતરાગ સર્વજ્ઞના ઘરની આ વાત દિવ્યધ્વનિમાં આવેલી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શતું નથી. આ મહા સિદ્ધાંત સમયસારની ગાથા ૩ માં કહ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતાનો ઓછો પોકાર છે? કુંભાર માટીને અડતો કે સ્પર્શતો જ નથી તો ઘડાને કરે શું? માટી જ સ્વયં કર્તા થઈને ઘડાને કરે છે. આ તો ભગવાને કહેલી, અંતરમાંથી આવેલી વાત છે.

–પૂજ્ય ગુરુદેવશ્રી

( તા. ૨૬–૬–૮૦, રાત્રિ ચર્ચામાંથી )

વાર્ષિક લવાજમ નવ રૂપિયા
વર્ષ ૩૭ અંક ૨




વીર સંવત ૨૫૦૬
A.D.1980 AUG.
(૪૪૨)

# સંસારજનિત ભાવોથી દૂરવર્તી ધર્મી

ધર્મી જીવ સંસારજનિત જે કાંઈ અવસ્થા છે તેનાથી તે દૂરવર્તી છે. સ્ત્રી–પુત્ર–પૈસા કે વેપારાદિ કાંઈ સંસાર નથી, સ્વરૂપમાંથી ખસી જવું તે દશાને સંસાર કહે છે. ધર્મીને રાગાદિ ભાવો છે તે આત્મજનિત નથી તેમ જ કર્મજનિત પણ નથી પરંતુ સંસારજનિત છે, ધર્મી તેને પોતાના માનતો નથી, ધર્મી તેનાથી દૂરવર્તી છે. રાગાદિ થાય, ઇચ્છાની કલ્પનાઓ થાય પણ તે સંસારજનિત છે, તેનાથી ધર્મી દૂરવર્તી છે, ધર્મી તો જાણનાર–દેખનાર માત્ર છે રાગાદિ થાય તેને આત્માએ કર્યો કે આત્માની પર્યાયમાં છે. કે પુરુષાર્થની નબળાઈથી થાય છે કે સ્વરૂપમાંથી ખસી ગયો માટે થાય છે એમ ન કહેતાં એ તો સંસારજનિત હોવાથી ધર્મી તેનાથી દૂરવર્તી છે એમ કહ્યું. કેમ કે નબળાઈથી થયો છે એમ કહેતાં રાગાદિ મારામાં છે એમ આવ્યું, પણ રાગાદિ વિકલ્પ મારામાં છે જ નહિ ને! તેથી સંસારજનિત છે. પર્યાયમાં હોવા છતાં પર્યાયજનિત ન કહેતાં રાગાદિ વિકલ્પો સંસારજનિત છે એમ કહ્યું! આહાહા! સંતોની વાણી ઊંડી ને મહા ગંભીર છે. આવી વાણી દિગમ્બર સંતો સિવાય ક્યાંય છે નહિ.

(શ્રી નિયમસાર કળશ ૨૫૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

योगी नित्यं सहजपरमावश्यकर्म्मप्रयुक्त:
संसारोत्थप्रबलसुखदु:खाटवीदूरवर्ती।
तस्मात्सोयं भवति नितरामन्तरात्मात्मनिष्ट:
स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ट:।। २५८।।

ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં જેનું જોડાણ છે એવો યોગી અંતરાત્મા છે. તે યોગી સદા એટલે કે જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપ અટવીથી દૂરવર્તી છે. ધર્મી જીવને ધર્મની શરૂઆતમાં એટલે કે ચોથેગુણસ્થાને સંસારજનિત સુખદુઃખાદિ થાય છતાં તેનાથી દૂરવર્તી છે.

સંસાર એટલે સ્ત્રી–પુત્ર–પૈસા કે વેપારાદિ નહીં, સ્વરૂપમાંથી ખસી જવું તે દશાને સંસાર કહે છે. એ સંસારજનિત સુખદુઃખરૂપી અટવીથી ધર્મી દૂરવર્તી છે. રાગ પુણ્ય પાપ તે આત્માનો નથી, તે સંસારજનિત વિકાર છે, ધર્મી તેને પોતાના માનતો નથી. ધર્મીને રાગાદિ ભાવ છે તે આત્મજનિત નથી તેમ જ કર્મજનિત નથી પરંતુ સંસાર જનિત છે, ધર્મી તેનાથી દૂરવર્તી છે. રાગાદિ વિકલ્પો, ઇચ્છાની કલ્પનાઓ થાય પણ એ સંસારજનિત છે, આત્મજનિત નથી તેમ જ કર્મજનિત પણ નથી. જ્ઞાની સંસારને પોતાનો માનતો નથી.

ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવને સંસારજનિત જે કાંઈ વિકલ્પ અવસ્થા છે તેનાથી તે દૂરવર્તી છે. આત્માએ કર્યો છે કે આત્માની પર્યાયમાં છે કે પુરુષાર્થની નબળાઈથી થાય છે એમ ન કહેતાં એ તો સંસારજનિત છે એમ કહ્યું. ધર્મી તો તેનો જાણનાર દેખનાર રહે છે. સ્વરૂપમાંથી ખસી ગયો માટે રાગાદિ છે એમ પણ ન કહ્યું, એ તો સંસારજનિત હોવાથી ધર્મી તેનાથી દૂરવર્તી છે તેમ કહ્યું.

આત્મસ્વભાવ જાણ્યો છતાં જે વિકાર થાય છે તે સંસારજનિત છે. કમજોરીને લઈને વિકાર થયો એમ શબ્દ ન વાપરતા સંસારજનિત કહ્યો. આહાહા! સંતોની વાણી ઊંડી ને મહા ગંભીર છે. આત્મ–અનુભવ થયા પછી પણ જે વિકાર થયો તે કર્મથી નહીં, પુરુષાર્થની નબળાઈથી થયો છે છતાં તેમ ન કહેતાં તે સંસારજનિત કહ્યો. કેમ કે નબળાઈથી થયો તેમ કહેતાં તે મારામાં છે એમ આવ્યું, પણ રાગાદિ વિકલ્પ મારામાં છે જ નહીં ને! તેથી તે સંસારજનિત છે.

નિર્વિકલ્પ આનંદકંદ વસ્તુ છે. તેની જેને દ્રષ્ટિ થઈ છે એવા સમકિતીને રાગાદિ

થાય છે છતાં તેનાથી દૂરવર્તી છે. પોતાની નબળાઈથી સમકિતીને રાગાદિ થાય છતાં તે આત્મજનિત નથી તેમ કર્મજનિત પણ નથી એ તો સંસારજનિત છે, ધર્મી તેનાથી દૂરવર્તી છે.

પર્યાયમાં સંસારથી ઉત્પન્ન થયેલા રાગ–દ્વેષ છે, અસંખ્ય પ્રકારના વિકલ્પ તેનાથી ધર્મી દૂરવર્તી છે. જેણે શુદ્ધ ચૈતન્ય આનંદકંદને અનુભવ્યો તેને પર્યાયમાં જે સંસારથી ઉત્પન્ન થયેલી વિકલ્પજાળ છે તેનાથી તે રહિત છે. એ વિકલ્પજાળ આત્માથી ઉત્પન્ન થઈ છે કે કર્મથી ઉત્પન્ન થઈ છે એમ તો નથી પણ પર્યાયથી ઉત્પન્ન થઈ છે એમ પણ ન લીધું! શું સંતોની વાણી છે! સ્વરૂપમાંથી ખસતાં **संसरणम् इति संसार।** એ સંસારથી ઉત્પન્ન થયેલા રાગાદિ છે તેમ કહ્યું. પર્યાયમાં હોવા છતાં પર્યાયજનિત ન કહ્યું, સંસારજનિત છે તેમ કહ્યું અને ધર્મી તેનાથી દૂરવર્તી છે. આહાહા! આવી વાણી દિગમ્બર સંતો સિવાય ક્યાંય છે નહીં. ઘણી જ ગંભીર વાણી.

વસ્તુસ્વરૂપમાં વિકાર નથી તેથી આત્મા વિકાર કરે તેમ નથી. કર્મથી વિકાર થાય છે તેમ પણ નથી, નબળાઈથી થાય છે તેમ ન લેતાં પુણ્ય ને પાપભાવ સંસારજનિત છે તેમ કહ્યું. સંસારજનિત પ્રબળ સુખ–દુઃખરૂપ અટવીથી ધર્મી દૂરવર્તી હોય છે. કારણ કે પર્યાયમાં સંસાર છે ને ધર્મીને પર્યાયબુદ્ધિ તો છે નહીં. સુખદુઃખની કલ્પના પર્યાયમાં વર્તે તો છે પણ ધર્મી તેનાથી દૂરવર્તે છે, દૂરવર્તી છે તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ટ અંતરાત્મા છે.

આત્મા તો એને કહીયે કે જે સંસારજનિત સુખદુઃખથી દૂર વર્તતો થકો આત્મામાં નિષ્ટ હોય, તેને અંતરાત્મા કહીએ. પર ચીજ કાંઈ સંસાર નથી, સંસાર તો પર્યાયમાં છે. સંકલ્પ–વિકલ્પની જાળ પર્યાયમાં વર્તે છે તેનાથી ધર્મી દૂરવર્તી છે ને આત્મનિષ્ટ છે માટે તે અંતરાત્મા છે.

મુનિરાજ કહે છે કે અમે એ સંસારજનિત ભાવોમાં નથી. સ્ત્રી–પુત્ર–પૈસો–ધંધો છોડયો માટે સંસાર છોડયો છે એમ નથી. પર્યાયમાં જે સંસારજનિત સુખદુઃખાદિ થાય તેનાથી દૂર વર્તે તેણે સંસાર છોડયો છે. જે સંસારજનિત પાપમાં પડયો છે અને જે ચીજ પ્રત્યક્ષ છે, પ્રગટ છે, મૌજૂદ છે, જેનું અસ્તિત્વ પર્યાયમાં પણ નથી ને ધ્રુવમાં જેનું અસ્તિત્વ છે તેમાં જે નિષ્ટ નથી તે આત્માથી ભ્રષ્ટ હોવાથી બહિરાત્મા છે. ધ્રુવધારામાંથી ખસીને સંસારજનિત રાગમાં જે ઊભો છે તે સ્વાત્માથી ભ્રષ્ટ છે. આહાહા! દિગમ્બર સંતોના અંતરના અનુભવના આ ઉદ્‌ગાર છે. જ્યાં સંસાર છે ત્યાં અમે નથી ને જ્યાં સંસાર છે ત્યાં જે છે તે સ્વાત્માથી ભ્રષ્ટ છે, તેથી તે બહિરાત્મા છે.

(અનુસંધાન જુઓ પાનું ૧૪)

## ધર્મી જ્ઞાનચેતનામય હોવાથી કેવળ જ્ઞાતા

ધર્મી જ્ઞાનચેતનામય હોવાથી રાગ–દ્વેષરૂપ કર્મચેતનાને તેમ જ હર્ષ–શોકરૂપ કર્મફળચેતનાને કરતો કે ભોગવતો નથી પરંતુ માત્ર જાણે જ છે. નીચલી ભૂમિકામાં જોકે ધર્મીને પર્યાયમાં શુભાશુભ ભાવ હોય છે પરંતુ અહીં દ્રષ્ટિની મુખ્યતાથી વાત હોવાથી ધર્મી કર્મચેતના અને કર્મફળચેતના રહિત હોય છે તેમ કહ્યું છે. શુભાશુભ રાગ મારો છે—એમ રાગ સાથે જોડાતો ન હોવાથી ધર્મી કર્મચેતના રહિત છે. ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાનનો ભેટો થયો હોવાથી ગૌણપણે રાગ અને રાગનું ફળ હોવા છતાં સ્વભાવદ્રષ્ટિની મુખ્યતાથી ધર્મીને કર્મ–ચેતના અને કર્મફળચેતનાનો અભાવ હોવાથી ધર્મી તેનો અકર્તા ને અવેદક છે, જ્ઞાનચેતનામય હોવાથી ધર્મી તેનો કેવળ જ્ઞાતા જ છે.

( શ્રી સમયસાર ગાથા ૩૧૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ–અશુભને. ૩૧૯

રાગને કરવું ને ભોગવવું એવી કર્મચેતનાને ધર્મી કરતો ને ભોગવતો નથી. દયા–દાન કે કામ–ક્રોધના પરિણામને ચેતવું એટલે કે એકાકાર થવું એવી કર્મચેતનાનું કરવું ને ભોગવવું ધર્મીને હોતું નથી. રાગમાં એકાગ્ર હોય ને તેમાં મીઠાશ લાગતી હોય તો તેને કર્મચેતના કહેવાય. ધર્મીને કર્મચેતના હોતી નથી.

અજ્ઞાની જીવ ચૈતન્યસ્વરૂપ પ્રભુનો આદર ન કરતાં દયા–દાન ને કામ–ક્રોધનો જે વિકારી ભાવ તેને કરે છે, ધર્મીને તે હોતા નથી, એટલે કે ધર્મીને કર્મચેતના હોતી નથી. જોકે ધર્મીને યથાખ્યાતચારિત્ર ન થાય ત્યાં સુધી વિકાર હોય છે પણ અહીં દ્રષ્ટિની મુખ્યતાથી વાત હોવાથી ધર્મી કર્મચેતના રહિત છે તેમ કહ્યું છે.

ધર્મી જીવ કર્મચેતના રહિત હોવાને કારણે અકર્તા છે. રાગ મારો છે એમ ધર્મી રાગ સાથે જોડાતો નથી તેથી ધર્મી કર્મચેતના રહિત હોવાને કારણે અકર્તા છે. વિકારના પરિણામ પોતાના નથી એમ જ્ઞાનમાં જણાય છે તેથી તેનાથી રહિત હોવાથી પોતે અકર્તા છે. દયા–દાનનો વિકલ્પ આવે પણ તે કાર્ય મારું છે–એમ નહીં માનતો હોવાથી કર્મ–ચેતના રહિત હોવાથી અકર્તા છે.

દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ જાણ્યું હોવાથી રાગના ફળની હોંશ ને હરખ ન હોવાથી ધર્મી રાગના ફળને વેદતો નથી. ધર્મીને આનંદ ને શાંતિ આવવાથી ધર્મી રાગ ને રાગના ફળને હોંશથી વેદતો નથી. પુણ્યના પરિણામની પણ જેને હોંશ નથી તેને તેનો વેદક કેમ કહેવાય ? તેથી જ્ઞાની તેનો અવેદક છે.

ચોથે ગુણસ્થાને ધર્મીને રાગના વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ પ્રભુનો ભેટો થયો ત્યાં ગૌણપણે રાગ ને રાગફળનું વેદન હોવા છતાં મુખ્યતાની અપેક્ષાએ ધર્મી રાગ અને રાગના ફળનો અવેદક છે. ભગવાનનો ભેટો થયો ત્યાં વિકારના ભાવને હોંશથી કેમ કરે ?–ને વિકારના ફળને હોંશથી કેમ ભોગવે ?–તેથી જ્ઞાની તેને કરતો નથી ને ભોગવતો નથી.

રાગને પોતાનો ન માનતો હોવાથી ને તેના ફળને પોતાનું ન માનતો હોવાથી ધર્મી અકર્તા ને અવેદક છે, કેમ કે ધર્મી કર્મચેતના ને કર્મફળચેતના રહિત છે. જેનાથી રહિત હોય તેને કરે કે વેદે કેમ ? માટે ધર્મી અકારક ને અવેદક છે. ધર્મી તો જ્ઞાનચેતનામય છે. એટલે કે જ્ઞાનસ્વરૂપ છું એવો અનુભવ થયો હોવાથી, કેવળ જાણવાનો પોતાનો સ્વભાવ હોવાથી ધર્મી શુભ–અશુભ બંધને તથા ફળને જાણે જ છે.

ધર્મી જ્ઞાનચેતનામય હોવાને લીધે ને કેવળ જ્ઞાતા હોવાને લીધે જે શુભાશુભ ભાવ છે તેનો અકારક ને અવેદક છે. કેમ કે જ્ઞાનમય ચેતનામાં કરવાપણું ને ભોગવવાપણું કેમ સંભવે ? તેથી ધર્મી તેને કેવળ જાણે જ છે.

આહાહા ! એક ભાવ જો યથાર્થપણે સમજવામાં આવે કે ભગવાન જ્ઞાનમય ચૈતન્યબિંબ છે, અતીન્દ્રિય આનંદમય છે, તેના પ્રેમમાં તેનાથી વિરુધ્ધ દુઃખ ને દુઃખફળનું એટલે કે કર્મચેતના ને કર્મફળચેતનાનું કરવું ને વેદવું હોતું નથી એમ સમજવામાં આવે તો તેનો કેવળ જ્ઞાતા જ રહે–એવી આ વાત છે.

ધર્મીને નબળાઈને લઈને રાગ આવે છે, થાય છે છતાં મારી વસ્તુમાં એ નથી એમ જાણે છે. ધર્મી જીવ જ્ઞાનચેતનામય હોવાને લીધે જાણનાર રહેવાથી, શુભ–અશુભ કર્મબંધને ને કર્મફળને કેવળ જાણે જ છે.

# જાણનાર : જાણવાની પર્યાયનો પણ અકર્તા

આચાર્યદેવે આગળની ગાથામાં કહ્યું કે ધર્મી શુભાશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે, ત્યારે વિચારક જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન થયો કે નીચલી ભૂમિકામાં તો જ્ઞાનીને રાગ અને રાગનું ફળ પર્યાયમાં હોય છે છતાં આપે તેને અકારક–અવેદક કહ્યો તે કઈ રીતે? –તેના ઉત્તરમાં આચાર્યદેવ દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છે કે જેમ આંખ અગ્નિને સળગાવતી નથી કે લોખંડના ગોળાની જેમ આંખ ઉષ્ણતાને ભોગવતી નથી, માત્ર દ્રશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે પણ કરવા ભોગવવારૂપ સંબંધ નથી તેમ આત્મા પણ પોતાના જાણવા–દેખવાના સ્વભાવને લીધે, પોતાથી અત્યંત ભિન્નપણાને લીધે રાગાદિને જાણે જ છે, પરંતુ કરતો–ભોગવતો નથી બંધને કે મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની જ છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું? જે થાય જ છે અથવા તો તે કાળે જે પર્યાય છે જ તેને કરવી એટલે શું? દ્રવ્યદ્રષ્ટિ થવાથી ભાવ નામના ગુણને લીધે નિર્મળ પરિણતિ તે તે કાળે થાય જ છે તો તેને કરવી શું? જે છે તેને માત્ર જાણે જ છે. અરે! નિર્જરાને જાણનાર પર્યાયને પણ ક્યાં કરવી છે? જાણવાની પર્યાય પણ તે કાળે સત્ છે, તે તે સમયે જાણવાની પર્યાય છે જ, જે છે જ તેને કરવી શું!? જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે, તેને પણ કરવી નથી! આહાહા! અકર્તાપણાની ઉત્કૃષ્ટ વાત અહીં કરી છે.

(શ્રી સમયસાર ગાથા–૩૨૦ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

હવે શિષ્ય પૂછે છે એટલે કે ૩૧૯ મી ગાથામાં જ્ઞાની અકારક–અવેદક કહ્યો તેથી

જિજ્ઞાસાથી પૂછે છે કે ધર્મી કરતો ભોગવતો નથી એ કઈ રીતે? તેને ઉત્તર દેવામાં આવે છે. શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે તેને દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છેઃ –

જેવી રીતે આ જગતમાં –એમ કહેતાં જગત છે એમ સિદ્ધ કર્યું—નેત્ર છે તે જેને –દ્રશ્ય પદાર્થને દેખે છે તેનાથી અત્યંત ભિન્ન છે. દરેક દ્રશ્યપદાર્થથી આંખ તદ્દન ભિન્ન હોવાથી નેત્ર દ્રશ્ય પદાર્થને કરતું નથી ને વેદતું નથી. જો નેત્ર દ્રશ્ય પદાર્થને કરે ને વેદે તો અગ્નિને દેખવાથી, અગ્નિને સળગાવનાર પદાર્થની જેમ આંખને અગ્નિને સળગાવવાપણું ને લોખંડનો ગોળો જેમ ઊષ્ણ થઈ જાય તેમ આંખને ઉષ્ણપણાનો અનુભવ દુર્નિવાર થાય એટલે કે જો આંખ દ્રશ્ય પદાર્થને કરે ને વેદે તો સંધુકણની જેમ આંખ વડે અગ્નિ થવી જોઈએ ને અગ્નિની ઉષ્ણતાને વેદવી જોઈએ. પરંતુ આંખ અગ્નિનું સળગાવતી પણ નથી ને ઉષ્ણપણાને વેદતી પણ નથી. આંખને દ્રશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે ખરો, પણ દ્રશ્ય પદાર્થને કરવા–ભોગવવાનો સંબંધ નથી. માટે નેત્ર દેખવા યોગ્ય પદાર્થને કરતું કે વેદતું નથી.

તેવી રીતે જ્ઞાન એટલે કે આત્મા પણ પોતે નેત્રની માફક પરને દેખનાર છે. જે કાળે જે ચીજ છે તે કાળે તે ચીજને જેમ આંખ દેખે છે તેમ જ્ઞાન તેને જાણે છે. જ્ઞાન એટલે કે આત્માને પરને દેખવાનો સંબંધ છે, પરંતુ પરથી અત્યંત ભિન્નપણાને લીધે જે ચીજને દેખે છે તેને કરતો નથી. રાગ, કર્મ આદિને કરતો નથી.

નિશ્ચયથી જીવ કર્મના ઉદયને દેખે પણ દેખવાના સંબંધથી કર્મના ઉદયને કરતો કે વેદતો નથી. કર્મના ઉદયને જાણવા માત્રનો સંબંધ છે પણ એ સિવાય તેને કરવાનો સંબંધ છે જ નહીં. ભગવાન તો કેવળ જાણવાના સ્વભાવવાળો છે તેથી આખી દુનિયાને દેખે. કથંચિત્ જ્ઞાતા ને કથંચિત્ કર્તા એમ છે જ નહીં. કેવળ જ્ઞાતા જ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી હોવાથી તે કર્મોદયને, બંધને ને રાગને જાણે પણ રાગને કે બંધને કરતો નથી. દેખે આખી દુનિયાને પણ જાણવાના સંબંધપણાથી કરવાપણું થઈ જાય એમ નથી. બંધ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે, પણ કરે નહીં. જ્ઞાનમાત્ર કહેતા રાગને કરે નહીં, માત્ર જાણે.

નજીકની ચીજ જે કર્મ તેના ઉદયને જાણે પણ કરે નહીં તો પરને કરે એ વાત ક્યાં રહી? જાણનાર જ્ઞાનીને મોક્ષમાર્ગની પર્યાય છે તેને તે જાણે છે, પણ તેને કરતો નથી. પોતે પોતાને જાણે તે નિશ્ચય પણ બહુ આઘું લઈ જાય તો પરને જાણે, કરે તો નહીં જ અને પરને જાણે તે વ્યવહાર છે.

બંધને કરતો નથી ને મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની જ છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું?–જે થાય છે અથવા જે છે જ, તો જે છે તેને કરવું શું? જાણનારને મોક્ષની પર્યાય છે, તો છે તેને કરવી શું? દ્રવ્યદ્રષ્ટિ થવાથી ભાવ નામના ગુણને લીધે નિર્મળ પરિણતિ થાય જ છે, તે તે કાળે તે પર્યાય

થાય જ છે અથવા છે જ અથવા તે સત્ છે જ તો તે સત્‌ને કરે શું? જે કાળે જે પર્યાય થાય છે તેને કરે એ તો વિરોધ થઈ ગયો. છે તેને જાણે. કર્મનો ઉદય છે, છે તેને જાણે છે. ઉદયને ને નિર્જરાને આત્મા કરતો નથી, જાણે છે. તે સમયે કર્મનું ખરવું, અશુદ્ધતાનું ગળવું ને શુદ્ધતાનું વધવું એવી ત્રણે પ્રકારની નિર્જરા તે સમયમાં છે જ, છે તેને કરે શું? છે તેને જાણે છે.

જે સમયે જે પદાર્થની જે પર્યાય ત્યાં છે તો જે છે તેને કરે શું? તે સમયે શુદ્ધતાનું વધવારૂપ નિર્જરા છે તેને પણ કરતો નથી. નિર્જરાના ત્રણ પ્રકાર છે પણ ખરો પ્રકાર તો શુદ્ધતાનું વધવું તે છે. એ નિર્જરા તે સમયે છે તો તેને કરે શું? જે નિર્જરા ઉપજે છે, જે ઉપજે છે તેની હયાતી તો છે, જેની હયાતી છે તેને કરવું શું?

મોક્ષની પર્યાય પણ તેના કાળે ક્રમબદ્ધપણે થાય જ છે તો તેને કરવું શું? છે તેને જાણે જ. જેમ ત્રિકાળી આત્મા સત્ છે, સત્ છે તેને કરવું શું? તેમ તે તે કાળની તે પર્યાય સત્ છે, સત્ છે તેને કરવું શું? તે કાળે તે પર્યાય છે તેને કરવું શું?

આ તો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને! જાણવાની પર્યાય પણ નિર્જરાને ને મોક્ષને જાણે છે તેમ કહ્યું છતાં મોક્ષને ને નિર્જરાને જાણવાની પર્યાય પણ તે કાળે જ છે. છતાં એટલું કહ્યું કે પરને જાણે છે. ખરેખર તો જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે, પર છે તો જાણે છે એમ પણ નથી. ક્રમસર થતી પર્યાયને જાણે તે જાણવાની પર્યાય પણ તે કાળે છે જ.

રાગ થાય છે તેને તે તે કાળે જાણવાનું કાર્ય પોતાનું સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. ખરેખર તો જાણવાની પર્યાય પણ કરવી નથી. જાણવાની પર્યાય પણ સત્ તે કાળે છે, તેને જાણે છે, કરતો નથી. પોતાની નિર્જરાની પર્યાયને પણ કરે નહીં, માત્ર જાણે તો પરના કાર્યને કરે કે પલટાવે એ ક્યાં રહ્યું? તે તે સમયે તેનું સત્ છે તેને કરવું શું? તે તે સમયે તેનું સત્ છે તેને જાણે, બસ જાણે એટલું કહેવું છે. અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે. તેમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી.

શ્રી યોગેન્દ્રદેવ તો કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે પરમાર્થે જીવ ઊપજતો પણ નથી ને મરતો પણ નથી અને બંધ તથા મોક્ષને કરતો પણ નથી. આત્માનો જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં બધુ છૂટી ગયું. પછી જે છે તેને જાણે. પછી નિર્જરા ને બંધ જે છે તેને તે કાળે જાણે જ છે. જાણવાની પર્યાયનો પણ તે કાળે તે પ્રકારે ઉત્પન્ન થવાનો તે કાળ હતો માટે થઈ છે.

યોગીન્દ્રદેવે એમ કહ્યું કે બંધ મોક્ષને પણ કરતો નથી. એકલો જ્ઞાનપ્રધાન આત્મા અનંતી પર્યાય થાય છે તેને ઉત્પન્ન કરતો નથી પણ તે કાળે અનંતી પર્યાય થાય છે તેને જાણે જ છે એમ કહ્યું.

# કર્તૃત્વવાદીનો મોક્ષ થતો નથી

લૌકિકજનો ઈશ્વરને કર્તા માને છે તેમ જૈનનો નામધારી સાધુ થઈને છ–કાયનો રક્ષક પોતાને માને, પોતાને પરનો કર્તા માને તો તે લૌકિકતાને અતિક્રમ્યો નથી એટલે કે તે લૌકિકજનો જેવો જ હોવાથી, પંચમહાવ્રતાદિ પાળતો હોવા છતાં તેનો પણ મોક્ષ થતો નથી.

( શ્રી સમયસાર–ગાથા ૩૨૧/૩૨૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',<br>
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને'. ૩૨૧.<br>
તો લોક–મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,<br>
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.<br>
એ રીત લોક–મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,<br>
–જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

જેઓ આત્માને કર્તા જ દેખે છે–માને છે તેઓ લોકોત્તર હોય એટલે કે જૈનના સાધુ હોય, જૈનના વ્યવહાર આચરણ બરાબર પાળતા હોય, છકાયની દયા પાળતા હોય તોપણ તેનામાં ને લૌકિકજનોમાં સમાનતા છે. પંચમહાવ્રત આદિ પાળતા હોય તોપણ પરનો કર્તા પોતાને માને તો તે લૌકિકતાને અતિક્રમતા નથી. કારણ કે લોકના મતમાં વિષ્ણુ–ઈશ્વર લોકના કાર્યને કરે તેમ માને છે અને આ પોતાનો આત્મા પરની રક્ષા કરે એમ માને છે –બન્ને સરખા થયા.

છકાયના જીવની વાત જૈન સિવાય ક્યાંય નથી. એ છકાયના જીવને હું બચાવી શકું છું –એવો ખોટો અભિપ્રાય વિષ્ણુને કર્તા માનનાર લૌકિકજનોના જેવો છે. મલિન પર્યાયનો કર્તા માને તે આખી દુનિયા ઉપર રાગનો કર્તા પોતાને માને છે. આચરણ બરાબર પાળે છે છતાં મારાથી છકાયની અહિંસા થઈ–એમ માને તે લૌકિકજનોની માફક મિથ્યાદ્રષ્ટિ છે.

અનંત પદાર્થ છે; અનંતપણું ત્યારે સિદ્ધ થાય કે અનંત પદાર્થ પોતપોતાથી પોતામાં રહ્યા હોય, એક પદાર્થની પર્યાયમાં બીજા પદાર્થની પર્યાય કાંઈ કરે તો અનંતપણે સિદ્ધ ન થાય. અનંત પદાર્થમાં કોઈ પણ પદાર્થ નકામો નથી એટલે કે પોતાની પર્યાયના કાર્ય વિનાનો નથી તો તેને બીજો પદાર્થ શું કરે ? જે પદાર્થ દૂર છે, પોતાના અસ્તિત્વથી ભિન્ન અસ્તિત્વનું કાંઈ કાર્ય કરે એ શી રીતે બને ?

એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. જીવ કર્મને અડતો નથી. એક જીવ બીજા સત્તાવાળા પદાર્થને કરે તો બીજો પદાર્થ પર્યાય વિનાનો થયો. પરની પર્યાયને પોતે કરે તો એ પદાર્થ એ કાળે પર્યાય વિનાનું હતું તે કરે ? દરેક દ્રવ્યે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત સત્‌પણું કાયમ રાખ્યું છે. તેથી જે સમયે જેનો જે ઉત્પાદ થવાનો તે થવાનો, તેનું કર્તાપણું માનનાર જૈનના દિગંબર મુનિઓનો પણ મોક્ષ થતો નથી.

આહાહા ! આ તો આખા જીવનનો પલટો મારવાની વાત છે. એમ ને એમ એકાદ બે વાત પકડીને માને કે અમે જૈન છીએ તો એમ નથી. જ્યાં સુધી તેના પાતાળે નહીં પહોંચે ત્યાં સુધી સત્ય હાથ નહીં આવે.

જૈનનો નામધારી સાધુ થયો છે તેથી તેને અહીં લોકોત્તર કહ્યો છે પણ તે છે તો મિથ્યાદ્રષ્ટિ, કેમ કે પરની ક્રિયાનો કર્તા પોતાને માને છે. જે સમયનું જે પર્યાયનું સત્‌ છે તે પર્યાયને તેના ધ્રુવનો પણ આશ્રય નથી તો તેને બીજું દ્રવ્ય કરે એ ક્યાં રહ્યું ? એક જીવ બીજા જીવની દયા પાળી શકે, છોકરાઓ મોટા કરી શકે એ ક્યાંથી આવ્યું ? એક સમયની પર્યાયનું સત્‌ છે તે બીજાને લઈને તો નહીં પણ ધ્રુવને લઈને પણ નહીં !

વ્યવહાર સમકિતી અંતર વીતરાગતારૂપ ભાવચારિત્ર વિના—વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના શુભ ક્રિયાનો કર્તા હું છું, રાગનો કર્તા હું છું -એમ માને તે અજ્ઞાની મોક્ષને ઇચ્છે છે છતાં નિશ્ચય સમ્યગ્દર્શન વિના સંસાર સમુદ્રને તરી શકતો નથી.

આહાહા ! બહુ સરસ વાત છે. ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે ! અરેરે ! સાંભળવા પણ ન મળે તે ક્યારે વિચારે ? અહીં તો કહે છે કે જૈનનો મુનિ થયો હોય ને આત્માને પરનો કર્તા માને તો લૌકિકજનો જેવો જ છે. છકાયની દયા પાળી શકું, બચાવી શકું -એમ માને તો તે લૌકિકજનો જેવો જ છે.

પ્રશ્નઃ—આવું સાંભળી કોઈ કોઈનું કરશે નહીં ?

સમાધાનઃ-કોણ કોનું કરે છે ? ફક્ત માન્યતામાં વિપરીતતા હોવાથી પરના કાર્યનું

( અનુસંધાન પાના ૧૯ ઉપર )

# પરદ્રવ્યને ને આત્માને કાંઈ પણ સંબંધ નથી

नास्ति सर्वोऽपि संबंधः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसंबंधाभावे तत्कर्तृता कुतः ।।२००।।

પરદ્રવ્યને ને આત્માને સઘળોય સંબંધ નથી. શરીરના અવયવો એકબીજાને અડે નહીં ને એક શરીર બીજાને અડે નહીં. આત્માને ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી. પૈસા, મકાન, સ્ત્રી કે પુત્ર આદિ પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કોઈ પણ પદાર્થ નકામો એટલે કે પોતાની પર્યાયરૂપી કાર્ય વિનાનો નથી તેથી બીજો પદાર્થ બીજાને કરે શું?

પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપી છો ને! નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બોલાય પણ એક ચીજ ને બીજી ચીજ વચ્ચે અભાવ છે. શરીર ને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. આ શરીર તો જડ છે, જડ ને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞાતા–જ્ઞેયનો સંબંધ છે તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન છે. પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે સ્વ ને પર જણાય છે. પરને લઈને જાણે છે એમ પણ નથી.

આંખની પાંપણને, જીભને કે આંગળાને અને આત્માને કાંઈ સંબંધ નથી. દરેક પરમાણુ પોતાની દરેક પર્યાયથી પરિણમતા ટકી રહ્યા છે, તેને પરદ્રવ્ય કરે શું? પૈસા આત્મા લે કે પરને દે–એ વાતમાં કાંઈ માલ નથી. સવારમાં ચા–પાણી ને જમવામાં દાળ–ભાત આદિને ને આત્માને કાંઈ સંબંધ નથી.

આહાહા! આવી વાત છે! દુનિયાથી મરે તો તે જીવતો થાય તેવું છે, એટલે કે દુનિયા સાથે મારે કાંઈ સંબંધ નથી એમ પરથી મરે તો તે જીવતો થાય એવું છે. પરંતુ અરેરે! આ વાત કોઈ દિ’ કાને પડી ન હોય ને દિ’ આખો ધંધાની મજૂરીમાં જીવન ગુમાવે છે!

આત્માને ને સર્વ પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી. પરદ્રવ્યને પણ એક બીજા સાથે કાંઈ સંબંધ નથી પણ અહીં આત્માની વાત લીધી છે કે આત્માને ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી.

શ્રી અમૃતચંદ્રાચાર્ય મહા સંત મહાત્મા એમ કહે છે કે **नास्ति सर्वोऽपि संबंधः।** આત્માને પરદ્રવ્ય સાથે સઘળોય સંબંધ નથી, તારા આત્માને ને પ્રશંસાને કાંઈ સંબંધ નથી. જે ક્ષેત્રે જે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે થઈને રહે તેને ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી, પરદ્રવ્યની વ્યવસ્થાને મેં કરી—એમ માનનારાએ જ્ઞાનસ્વરૂપી આત્માને મારી નાખ્યો છે.

બીજાના કાર્ય મેં કર્યાં—એમ જેણે ભ્રમણા કરી છે તેણે જ્ઞાતાદ્રષ્ટા પ્રભુને જાણનારો ન માનતા તેનો અનાદર કદીને મારી નાખ્યો છે. અહીં તો કહે છે કે આઠે કર્મનો નાશ આત્મા કરી શકતો નથી, કેમ કે પરદ્રવ્યને ને આત્માને જરી પણ-લાળ લાંતરે પણ સંબંધ નથી. એમ કર્તાકર્મપણાનો અભાવ હોતા આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ?

બાપ ને દિકરાને કાંઈ સંબંધ છે નહીં; એ તો મોહરૂપી મદીરા પીધો છે. આત્માને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ નથી. પૈસા મારા, મેં આપ્યા, મારું નામ-તકતી લગાવજો -એમ મિથ્યા શ્રદ્ધામાં તણાઈ ગયો ને જિંદગી ચાલી જાય છે. આત્માને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ ન હોવાથી, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ?

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિના ભાવથી સર્વાંગે ભરેલો છે, તેને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ નથી, તેથી તેને કર્તાકર્મપણાનો સંબંધ ક્યાંથી હોય ?—ને પરદ્રવ્ય સાથે કર્તા કર્મનો સંબંધ ન હોવાથી પરદ્રવ્યનું કર્તાપણું આત્માને નથી. પોતાનું કાર્ય કરવા માટે આત્મા મહા પુરુષાર્થી છે પણ પરદ્રવ્યનું કરવા માટે આત્મા પાંગળો છે.

-પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

( સંસારજનિત ભાવોથી દૂરવર્તી................. પાના ૫ થી ચાલુ )

પ્રભુ ! તું ચૈતન્યરત્નોથી ભરેલો ભંડાર છો; તેનું ભાન થયું પછી તેનાથી વિરુધ્ધ જે ભાવ ઉત્પન્ન થાય તે સંસારજનિત છે. તારાથી થયેલો નથી તેમ કર્મથી થયેલો નથી પણ તે તો સંસારજનિત છે. ધર્મી તેનાથી દૂરવર્તી છે, ક્ષેત્રથી દૂરવર્તી નથી. ખરેખર તો વિકારનું ક્ષેત્ર આત્માના ક્ષેત્રથી જુદું છે તેમ સંવર-અધિકારમાં કહ્યું છે.

સમકિતી વિકારમાં વર્તતો નથી, વિકાર તો સંસારજનિત છે, ધર્મી તેનાથી દૂરવર્તી છે. તેથી તે આત્મનિષ્ટ અંતરાત્મા છે. વિકાર હોવા છતાં ધર્મી આત્મનિષ્ટ છે, આત્મામાં સ્થિત છે. જે આત્માથી ભ્રષ્ટ હોય તે રાગમાં, રાગના ફળમાં સ્થિત છે, તેને બહિરાત્મા કહેવામાં આવે છે. * * *

# ❀ જ્ઞાનસ્વભાવે સ્થિત આત્મા રાગાદિનો કર્તા કેમ ? ❀

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

(શ્રી સમયસાર ગાથા ૩૩૨/૩૪૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળ જાણનાર છે તે જ્ઞાનસ્વભાવે સ્થિત છે. છતાં રાગના જ્ઞાનસમયે રાગનું જ્ઞાન કરવાને બદલે જ્ઞેય–જ્ઞાનના ભેદવિજ્ઞાનથી રહિત હોવાથી, રાગ તે આત્મા છે એમ માનતો હોવાથી, પર્યાયમાં અજ્ઞાનરૂપે પરિણમતો હોવાથી, તેને વિકારનું કર્તાપણું છે. સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે, પરંતુ વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપે પરિણમતો હોવાથી વિશેષ અપેક્ષાએ વિકારનો કર્તા છે. જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે તેથી મિથ્યાત્વ ને રાગના કાળે તેનું જ્ઞાન થવું જોઈએ, પણ જ્ઞેય–જ્ઞાનના ભેદથી શૂન્ય હોવાથી, રાગનું જ્ઞાન કરવાનું ટાણું હોવા છતાં રાગ તે હું છું એમ અજ્ઞાનપણે પરિણમતો હોવાથી તેનો કર્તા છે.

ભગવાન આત્મા જ્ઞાનથી જ અવસ્થિત છે તેથી મિથ્યાત્વાદિના કાળે તેનું જ્ઞાન કરવા લાયક છે. પરંતુ જાણવું છોડી દઈને રાગાદિ જણાય તે હું છું એમ પરને આત્મા તરીકે જાણતો હોવાથી અજ્ઞાનપણે પરિણમવાથી વિકારનો કર્તા છે. જ્ઞાન પરિણમન થવાના કાળે અજ્ઞાનરૂપ પરિણમન કરે છે, તેથી રાગ તે હું છું એમ જાણે છે. રાગને જાણવાના કાળે જાણવું નહીં કરતો થકો એ દયા–દાન આદિ પરિણામ મારા છે એમ જાણે છે, તેથી તેનો કર્તા છે.

જ્ઞાયકભાવ છે તે જ્ઞાનભાવે સ્થિત છે તેથી તેમાંથી જે પરિણમન થાય તે જ્ઞાનનું જ

પરિણમન થાય પણ એમ ન કરતાં રાગના કાળે રાગરૂપ પોતાને માનતો થકો રાગનું પરિણમન કરે છે. તેથી મિથ્યાદ્રષ્ટિ રાગનો કર્તા થાય છે. જ્ઞાયકભાવમાં રાગ સ્થિત નથી પણ જ્ઞાન સ્થિત છે તેથી તેની અવસ્થા જ્ઞાનરૂપ થવી જોઈએ, પરંતુ દયા–દાનનો ભાવ આવ્યો ત્યારે તેને જાણવું એવું સ્વરૂપ હોવા છતાં મિથ્યાત્વના જ્ઞાનના સમયે જ્ઞાન કરવાને બદલે મિથ્યાત્વરૂપ કરે છે એટલે કે મિથ્યાત્વને પોતાના જાણે છે માટે અજ્ઞાનપણે તેનો કર્તા છે.

મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે તેને જાણવાનો તેનો સ્વભાવ છે. પરંતુ અનાદિથી જ્ઞેય–જ્ઞાનને એક માન્યું હોવાથી જ્ઞાનમાં રાગને પોતારૂપ જાણતો હોવાથી જ્ઞાનપરિણામને બદલે અજ્ઞાન પરિણામ કરતો હોવાથી મિથ્યાત્વનો કર્તા અજ્ઞાની છે. ભગવાન આત્મામાં જ્ઞાન અવસ્થિત છે તેથી જે જે પ્રસંગ બને તે તે પ્રસંગે તેનું જ્ઞાન કરવાનું ટાણું હોવા છતાં તેનું જ્ઞાન કરવાને બદલે જ્ઞેય–જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્યપણાને લીધે જ્ઞેયરૂપ પોતાને જાણતો થકો જ્ઞાનપણે પરિણમવાને બદલે અજ્ઞાનપણે પરિણમતો થકો, રાગાદિ જ્ઞેય મારા છે એમ જાણતો થકો અજ્ઞાની તેનો કર્તા થાય છે. અનાદિકાળથી જ્ઞેય જ્ઞાયકની જુદાઈને નહીં જાણવાથી જ્ઞેયરૂપ પોતાને માનતો થકો જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપે કરતો થકો વિકારનો કર્તા થાય છે.

દયા–દાન આદિ ભાવના જ્ઞાનસમયે એટલે કે મિથ્યાત્વાદિ ભાવના કાળે તેનું જ્ઞાન કરવાનો કાળ છે, જાણવાનો કાળ છે. કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી ઊંધી માન્યતા ને રાગ મારી ચીજ છે—એવા મિથ્યાત્વ ભાવના જ્ઞાન સમયે, મિથ્યાત્વાદિ ભાવો જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે, મિથ્યાત્વાદિના કાળે તેનું જ્ઞાન કરવાનો સમય છે પરંતુ અનાદિથી જ્ઞેય–જ્ઞાયકની ભિન્નતાનું ભાન ન હોવાથી જ્ઞેયને પોતાનું માને છે.

જ્ઞાનસ્વરૂપી પ્રભુને જ્ઞાન કરવાનું ટાણું છે તેના બદલે રાગાદિને જાણતાં, એ મારા પરિણામ છે એમ જાણતો થકો અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરે છે. મિથ્યાત્વના પરિણામ વખતે તેનું જ્ઞાન કરવાનો સમય છે પણ ભેદજ્ઞાનનો અભાવ હોવાથી પરને જાણવાના કાળે પોતાના જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરે છે.

પ્રભુ ! તું જ્ઞાયકભાવ છો ને ! તેથી વિકારના સમયે જ્ઞાન કરવાનો સમય છે. તેમ ન કરતાં ભેદવિજ્ઞાનના અભાવને લીધે અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરે છે. દયા–દાન આદિ રાગના જાણવાના કાળે તેને ભિન્ન જાણવાના બદલે પોતારૂપ માનતો થકો અજ્ઞાનરૂપ પરિણમતો હોવાથી રાગનો કર્તા અજ્ઞાની છે. અજ્ઞાનીને અજ્ઞાનભાવે કર્તાપણું સંમત કરવું. ક્યાં સુધી સંમત કરવું ? –કે જ્યાં સુધી રાગને ભિન્ન ન જાણે ને રાગને પોતારૂપ જાણે ત્યાં સુધી તેને કર્તાપણું સંમત કરવું.

રાગાદિ મારી ચીજ નથી એવું ભેદજ્ઞાન થતાં, રાગ આવે તેનું જ્ઞાન કરતો થકો જ્ઞાનરૂપ પરિણમતો થકો જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય છે એટલે કે દ્રવ્યસ્વભાવે તો અકર્તા છે જ પણ પર્યાયમાં પણ અકર્તા થાય છે. * * *

# ❀ અન્ય દ્રવ્યનો આત્મા અકર્તા ❀

ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે. અન્યનું નહિ (કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે. અન્ય પરિણામનો અન્ય આશ્રય નથી હોતો): વળી કર્મ કર્તા વિના હોતું નથી, તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ કૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે), માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (–એ નિશ્ચય–સિદ્ધાંત છે).

(શ્રી સમયસાર કળશ–૨૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

ખરેખર પરિણામ એ જ નિશ્ચયથી કાર્ય છે. દરેક દ્રવ્યના દરેક સમયે જે પરિણામ થાય તે જ નિશ્ચયથી કાર્ય છે. હાથ ઊંચો–નીચો થાય તે પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે, પોતાના પરિણામ એ પોતાનું કાર્ય છે. પોતાના જે પરિણામ થાય એ પોતાનું કર્તવ્ય છે, કર્મ છે. બીજી ચીજને કરી શકે એમ ત્રણ–કાળમાં બને નહીં. બીજા જીવની અહિંસા પાળી શકે નહીં પણ દયાના પરિણામ એ આત્માનું કાર્ય છે, પરંતુ પરને બચાવી શકે એમ ત્રણકાળમાં બને નહીં.

આત્માના પરિણામ કે આંગળીના પરિણામ તે નિશ્ચયથી પોત–પોતાનું કાર્ય છે. આંગળી હલે તે આત્માથી હલતી નથી કેમ કે આંગળી હલે તે પરમાણુનું કાર્ય છે. પ્રત્યેક દ્રવ્યનું કાર્ય પોતાની પર્યાય છે. બીજા દ્રવ્યનું કાર્ય કોઈથી બની શકતું નથી. દયા પાળનારો 'મેં પરને બચાવ્યો' એમ મિથ્યા ભ્રમણાથી માને છે.

આત્મા કર્મ બાંધે એ વાત જૂઠી છે. આત્માના વિકારી પરિણામ થયા તે આત્માનું કાર્ય છે. આત્માની કાર્ય મર્યાદા ને સ્થિતિ ત્યાં સુધી છે કે વિકારી પરિણામ થયા તેને કરે, પરંતુ કર્મને બાંધે એ તેનું કાર્ય નથી. કર્મને બાંધી શકે એ ત્રણકાળમાં બને નહીં.

ભાષાની પર્યાય આત્મા કરે એ ત્રણકાળમાં બને નહીં. જેટલા દ્રવ્ય છે—અનંતા, તેમાં તે તે દ્રવ્ય પોતાના પરિણામ કરે પણ બીજાના કાર્યને અન્ય દ્રવ્ય ત્રણકાળમાં કરી શકે નહીં. ટોપી ઓઢે એ કાર્ય આત્માનું નથી, ચશ્મા પહેરવા એ આત્માનું કાર્ય નથી, એ તેના પરમાણુનું કાર્ય છે.

જે કોઈ પરિણામ થાય તે પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે. દરેક દ્રવ્યના પરિણામનો વર્તમાન કાળ એક જ છે. અનંત દ્રવ્યો છે તે વર્તમાન પરિણામ વિનાના હોય જ નહીં. પરંતુ જડના વર્તમાન પરિણામ આત્મા કરે કે અન્ય દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્ય કરે એમ બને નહીં. અનુરૂપના પરિણામ અનુકૂળને લઈને થયા નથી અર્થાત્ ઉપાદાનના પરિણામ નિમિત્તના લઈને થયા નથી.

જે કોઈ પરિણામ થાય તે તેના દ્રવ્યના આશ્રયે થાય છે, બીજા દ્રવ્યના આશ્રયે થતાં નથી. ચાલતી વખતે પગને ઉપાડવો એ આત્માનું કાર્ય નથી. વળી પગના પરમાણુ જમીનના પરમાણુને અડતા નથી. કેમ કે પગના પરમાણુ તેના આશ્રયભૂત પરિણામના લઈને છે, જમીનના પરમાણુના આશ્રયે નથી. સમય સમયના પરિણામના કાર્યનો આશ્રય પોતાનું દ્રવ્ય છે પણ અન્ય દ્રવ્યનો આશ્રય નથી. ખાવાની ક્રિયા એ પરમાણુના પરિણામ છે, તેને આત્મા કરે એ ત્રણકાળમાં બને નહીં. દાઢ હલે છે, હોઠ હલે છે એ પરિણામ જડના છે, એ પરિણામ પોતાના પરિણામી–પરમાણુના આશ્રય થયા છે, આત્માના આશ્રયે થયા નથી.

પરમાણુના પરિણામ થયા તે પરમાણુના આશ્રયે જ હોય છે. તેથી પરની દયા પાળી શકું છું એ માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. કેમ કે પર જીવનું જીવવું તે તેના આશ્રયે છે, આત્મા પરને બચાવી શકે એ ત્રળકાળમાં બની શકે નહીં. દરેક દ્રવ્ય પોતાના કાર્ય વિનાનું હોતું નથી તો અન્ય દ્રવ્ય તેનું કાર્ય શી રીતે કરે? જીવ વિકારના પરિણામ કરી શકે પણ કર્મના પરિણામ કરે કે કર્મને નાશ કરે એમ ત્રણ કાળમાં બની શકે નહીં. કર્મરૂપ બંધાવું કે અકર્મરૂપ પરિણમવું તે તેના પરમાણુનું કાર્ય છે, આત્મા તેનો કર્તા છે જ નહીં.

પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે જ થાય, પરના આશ્રયે બિલકુલ ન થાય. ભાષાની પર્યાય તેના પરમાણુના આશ્રયે થાય છે, આત્મા તેનો કર્તા બિલકુલ નથી. શરીરમાં રોગ આવે તે તેના પરમાણુના લઈને થયા છે અને નિરોગરૂપ થાય છે એ પણ તેના પરમાણુના લઈને થયા છે, દવાના લઈને રોગ મટયો છે તેમ છે જ નહીં.

દરેક પરિણામ કર્તા વિના હોતા નથી અને વસ્તુની એકરૂપ સ્થિતિ રહેતી નથી. વસ્તુ કાયમ બદલે છે. દરેક દ્રવ્યના પરિણામ કર્તા વિના હોય નહીં તેમ જ વસ્તુની એકરૂપ સ્થિતિ હોતી નથી, અવસ્થા બદલ્યા જ કરે છે. વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી

દ્રવ્યપણે કાયમ રહેવું ને પર્યાયરૂપ બદલ્યા કરવું એ એનો સ્વભાવ છે.

જો એક દ્રવ્યના પરિણામનો કર્તા અન્ય દ્રવ્ય નથી અને પરિણામ તો થાય છે તો તેનો કર્તા કોણ ?— કે દરેક પરિણામનો કર્તા તેનું દ્રવ્ય પોતે છે. ઈશ્વરને જગતનો કર્તા માને કે ધંધાની, પૈસાની, શરીરની આદિ ક્રિયાનો કર્તા હું છું —એમ માનનારા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી.

વસ્તુની સ્થિતિ એકરૂપ હોતી નથી તેથી પરિણામનો કર્તા વસ્તુ પોતે છે. આંગળીની ક્રિયા આત્માએ કરી નથી તેમ જ કર્તા વિના એ ક્રિયા થઈ છે એમ પણ નથી. આંગળીની ક્રિયા તેના પરમાણુના કર્તાપણાથી થઈ છે. હું પૈસા આપી શકું, —એ તો મિથ્યાત્વ છે, કેમ કે પૈસાનું જવું એ તો તેના પરમાણુનું કાર્ય છે.

એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. દાળ રોટલીના ટુકડાને અડતી નથી, કારણ કે દરેક પરમાણુ જુદા જુદા છે. એક તણખલાના બે કટકા કરવા એ આત્માથી થઈ શકે નહીં, કારણ કે કટકા થયા એ તેના પરમાણુનું કાર્ય છે, તેને આત્મા કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે.

પરદ્રવ્યમાં તારો ને તારામાં પરદ્રવ્યનો અભાવ છે, એ રીતે જ રહેલાં છે પણ માન્યતામાં મોટો ફેર છે. પુસ્તક મેં બનાવ્યું, પુસ્તક બનાવી રાખું કેમ કે બીજાને જ્ઞાન થશે—એ માન્યતા મિથ્યાત્વ છે. પુસ્તક બનવું તે પરમાણુનું કાર્ય છે ને જ્ઞાન થવું તે આત્મદ્રવ્યનું કાર્ય છે. તેના બદલે પુસ્તકથી જ્ઞાન થશે એમ માને છે તે મિથ્યા ભ્રમણા છે.

વસ્તુ એકરૂપ રહેતી નથી, વસ્તુ બદલે છે, પોતે જ બદલે છે તેને અન્ય કોણ કરે ? વસ્તુ પોતે જ પોતાના પરિણામનો કર્તા છે. દરેક દ્રવ્ય પોતે જ પોતાના કર્મરૂપ કાર્યનો કર્તા છે એ નિશ્ચય સિદ્ધાંત છે.

( કર્તૃત્વવાદીનો મોક્ષ................પાના ૧૨ થી ચાલુ )

કર્તાપણું માને છે. બાકી તો ભાવ નામના ગુણને લીધે આત્મા કોઈપણ કાળે પર્યાય વિનાનો હોય નહીં અને તે સમયની તે પર્યાય પર્યાયના લઈને છે અને એ પર્યાયને આઘી–પાછી કરવા કોઈ સમર્થ નથી.

લૌકિકજનો ઈશ્વરને કર્તા માને ને લોકોત્તર એવો જૈન સાધુ–મિથ્યાદૃષ્ટિ સાધુ આત્માને કર્તા માને છે, તેથી તેનો મોક્ષ થતો નથી. * * *

# જ્ઞાયક તો જ્ઞાયક જ છે

આત્મા શરીરની ક્રિયાને કે સત્ય-વચન બોલવાની ક્રિયાને કે પરદ્રવ્યના કાર્યને ત્રણ કાળમાં કરી શકતો નથી એ તો ઠીક પણ પરદ્રવ્યને આત્મા જાણે છે એ વ્યવહારકથન છે. પરને જાણે માટે એ જ્ઞાન પરનું છે એમ નથી. જેનું જે હોય તે તે જ હોય એવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી કોઈપણ પર સંબંધી જે જ્ઞાન થાય તે આત્માનું છે, પરનું નથી, તેમ જ પરના લઈને નથી. જો જ્ઞાન પરને જાણવા કાળે પરનું થઈ જાય તો જ્ઞાનનો ઉચ્છેદ થઈ જાય, પણ તેમ તો થતું નથી. આત્મા પરનું કાંઈ કરે તો નહિ પણ પરને જાણે એ પણ અસદ્ભૂત વ્યવહારકથન છે. ખરેખર તો પોતે પોતાને જાણે છે. જોકે પોતે પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે. પોતે પોતાને જાણવાનું કાર્ય કરે એ પણ ભાવક-ભાવના ભેદરૂપ સદ્ભૂત વ્યવહાર છે. પરનું કરવું તો ક્યાંય રહ્યું, પરને જાણે એ તો અસદ્ભૂત વ્યવહાર છે પણ પોતે પોતાને જાણે એ પણ સ્વ-સ્વામીનો ભેદ પડતો હોવાથી સદ્ભૂત વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે —એ નિશ્ચય છે.

( શ્રી સમયસાર ગાથા-૩૫૬/૬૫ ઉપરના પૂજ્યશ્રીના પ્રવચનમાંથી )

આ પરમ સત્યની વાતનો છેડો છે. આત્મા બીજાનું, શરીરનું, મનનું કે વાણી આદિનું કાંઈ કરી શકતો નથી, કેમ કે બે જુદા જુદા દ્રવ્યોમાં એક બીજાનો અભાવ છે, અભાવ હોવાથી પરનું શું કરે ? કાંઈ કરે નહીં. આત્મા પરને જાણે છે એમ કહેવું પણ વ્યવહારકથન છે. અરે ! આત્મા પોતે પોતાને જાણે છે એ પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે.

આત્મા પરદ્રવ્યની કોઈ ક્રિયા કરી શકતો નથી. ખાવું-પીવું આદિ કાંઈ કરતો તો નથી પણ પરને જાણે છે એ પણ વ્યવહારકથન છે. પરને કરે, બદલાવે, આપે, લ્યે-એ તો ત્રણકાળમાં છે નહીં.

આત્મા પોતાને જાણે છે—એમ કહેવામાં ભાવકભાવ ભેદ પડે છે. ભાવકને જ્ઞાનભાવ જાણે છે એમ કહેવામાં ભેદ પડી ગયો. વિકલ્પ ઉઠે છે, એ વ્યવહાર છે. આત્મા પોતાને જાણે છે—એમાં સ્વસ્વામી અંશરૂપ ભેદ પડયો. પરને કરે તો નહીં પણ પરને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. એ તો ઠીક પણ આત્મા પોતાને જાણે છે એ પણ ભેદ પડે છે માટે વ્યવહાર થઈ ગયો.

પરને જાણવું એ વ્યવહાર છે. તેથી પરને જાણવું એ પણ આદરવા લાયક નથી. પરનું કાંઈ કરી શકે, જીભ હલાવી શકે એ તો ત્રણકાળમાં નથી. એ તો ઠીક, પરને જાણે છે એમ કહેવામાં અસદ્ભૂત વ્યવહાર છે. પોતે પોતાને જાણે છે—એમ કહેતાં બે ભાગ પડી ગયા તેથી તે સદ્ભૂત વ્યવહાર છે. જે એક બીજા વચ્ચે અત્યંત અભાવ છે તેને તો એકબાજુ રાખો પણ પોતે પોતાને જાણે એમ કહેવામાં સ્વસ્વામી ભાગ પડયો એ પણ વ્યવહાર છે.

પોતે પોતાને જાણે, જ્ઞાયક અને એનો જ્ઞાનભાવ-એ સદ્ભૂત વ્યવહાર થયો એનો નિષેધ છે. પરનું કરું—એ તો મિથ્યા છે પણ પરનું જાણવું એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાને જાણે છે. પરંતુ જાણનાર પોતાને જાણે છે એ પણ વ્યવહાર છે, જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

ભાઈ ! તને ભ્રમણા થઈ છે. ભ્રમણા સંયોગને જુએ છે. પાણી અગ્નિથી ગરમ થયું એ તદ્દન જૂઠી વાત છે. અહીં તો કહે છે કે પોતે પોતાને જાણે છે એમ કહેવું પણ વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાને જાણવાનું કામ કરે એ પણ ભેદ ને વ્યવહાર છે અને પરને જાણે એ તો અસદ્ભૂત વ્યવહાર છે અને પરને કરે એ તો મિથ્યાત્વનો વ્યવહાર છે.

વ્યવહારનય નથી એમ નથી, વ્યવહારનય પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. વ્યવહારનયનો વિષય પણ છે.

જેનું જે હોય તે તે જ હોય-આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે. શાસ્ત્રનું જ્ઞાન એ શાસ્ત્રનું નથી, શાસ્ત્રના લઈને નથી. જેનું જે હોય તે તે જ હોય. લોકાલોકને જાણે માટે એ જ્ઞાન પરનું છે એમ નથી. રાગ જણાયો માટે તે જ્ઞાન રાગનું છે એમ નથી. રાગનું જ્ઞાન થયું એ તો પોતાના સામર્થ્યથી થયું છે. જે જ્ઞાન થાય છે—કોઈ પણ પર

સંબંધી, તે જ્ઞાન આત્માનું છે, પરનું નથી, પરના લઈને નથી. કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે માટે તે જ્ઞાન લોકાલોકનું નથી ને લોકાલોકને લઈને નથી. તેમ જે સમયે અહીં જેનું જ્ઞાન થાય તે જ્ઞાન તેનું નથી. તે જ્ઞાન આત્માનું છે–આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે. જો જ્ઞાન પરને જાણવા કાળે પરનું થઈ જાય તો જ્ઞાનનો ઉચ્છેદ થઈ જાય.

આ જગતમાં ચેતયિતા છે—જાણનારો છે તે દર્શનગુણથી ને શ્રદ્ધાગુણથી ભરેલો છે. પુદ્ગલ આદિ પરદ્રવ્યને વ્યવહારે દર્શવા લાયક છે, શ્રદ્ધવા લાયક છે. હવે દેખનારો અથવા શ્રદ્ધનારો ચેતયિતા દેખાવાયોગ્ય અને શ્રદ્ધવાયોગ્ય પદાર્થનો છે કે ચેતયિતા ચેતયિતાનો છે? ભગવાનની શ્રદ્ધા કરે છે, ભગવાનને દેખે છે તે દેખવું ભગવાનનું સ્વરૂપ છે કે દેખનારનું સ્વરૂપ છે? પરની શ્રદ્ધા કરનારો શ્રદ્ધેય ચીજનો છે કે શ્રદ્ધા કરનારનો છે? એ બેનો અહીં તાત્વિક સંબંધ વિચારીએઃ–

જો જાણનારો પરદ્રવ્યનો હોય, શરીરને દેખનારો શરીરનો હોય તો શું દોષ આવે તે પ્રથમ વિચારીયે. શરીર, વાણી આદિ પરચીજ છે તેને દેખે છે તો દેખનારો શરીર આદિનો હોય તો શું દોષ આવે?–કે જેનું જે હોય તે તે જ હોય. તેથી જો શ્રદ્ધનારો શરીરનો હોય તો તે શરીરરૂપ જ હોય. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે જ આત્મા છે, દેખવું એ પોતાનું સ્વરૂપ છે, જેને દેખે છે તેનું તે સ્વરૂપ નથી. શ્રદ્ધા કરનારો પોતે પોતારૂપે છે.

આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી એટલે કે કોઈ કોઈનું નથી, બીજાને દેખે માટે બીજાનો છે એમ નથી, દેખનારો દેખનારનો જ છે. પુસ્તક દેખાય છે માટે દેખનારો જો પુસ્તકનો હોય તો દેખનારો પુદ્ગલ થઈ જાય. પરચીજને દેખતાં દેખનારો પરચીજનો હોય તો દેખનારો પરરૂપ થઈ જાય, દેખનારો દેખનાર રહ્યો નહીં!

ચેતયિતા એટલે આત્મા જો જેને દેખે છે, જેને શ્રદ્ધે છે એનો હોય તો આત્મા તે–રૂપ હોવો જોઈએ, આત્મા રંગને દેખતાં જો રંગનો હોય તો આત્મા રંગરૂપ જડ થઈ જાય. આત્મા રંગને દેખે છે, જોકે એમ કહેવું પણ વ્યવહાર છે. પોતે પોતાને દેખે છે. એ પણ જોકે સ્વ–સ્વામી ભેદરૂપ સદ્ભૂત વ્યવહાર છે.

સ્વ ને પર એને દેખવાનો તારો સ્વભાવ છે, તારામાં રહીને દેખે છે. તેમ સ્વ ને પરનો શ્રદ્ધનારો સ્વમાં રહીને પરને શ્રદ્ધે છે, શ્રદ્ધનારો શ્રદ્ધનારનો રહીને શ્રદ્ધે છે, પરનો થઈને પરને શ્રદ્ધતો નથી. પંચપરમેષ્ઠીની શ્રદ્ધા કરતાં છતાં પણ પંચપરમેષ્ઠીનો નથી. ખરેખર તો શ્રદ્ધનારો શ્રદ્ધનારનો જ છે, દેખનારો દેખનારનો જ છે, એવો ભેદ પણ નથી. પરને દેખનારો પરનો થઈ જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય, પરંતુ એક દ્રવ્યનું

અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો શ્રી સમયસારની ૧૦૩ ગાથામાં નિષેધ કર્યો છે, જેને દેખે છે તેનો જો હોય તો પોતાનો તો અભાવ થઈ જાય. જો જેને દેખે શ્રદ્ધે તેનો થઈ જાય તો પોતાના ભાવનો ઉચ્છેદ થઈ જાય, પરંતુ દ્રવ્યનો નાશ કદી થતો નથી. માટે દેખનારો પરનો નથી. પુસ્તકને દેખનારો પુસ્તકનો નથી, પુસ્તકનો દેખનારો એમ કહેવું તે વ્યવહાર છે. શાસ્ત્રની શ્રદ્ધા કરનારો એમ કહેવું તે વ્યવહાર છે.

દેખનારો દેખનારનો જ છે–એમ કહેવું તે પણ સદ્ભૂત વ્યવહાર છે. ખરેખર તો શ્રદ્ધનારો શ્રદ્ધનારો જ છે. ચેતયિતા ચેતયિતાનો જ છે એમ કહેતાં ચેતયિતાથી જુદો બીજો કોઈ ચેતયિતા છે કે જેનો આ ચેતયિતા છે? દેખનારો દેખનારનો છે, તો બીજો કોઈ દેખનારો છે કે જેનો આ દેખનારો છો? એ તો વ્યવહારથી દેખનારો દેખનારનો છે એમ કહ્યું છે. ખરેખર તો દેખનારો દેખનારો જ છે એ નિશ્ચય છે. દેખનાર દેખનારનો છે–એ પણ સ્વ–સ્વામી અંશરૂપ વ્યવહાર છે. એવા અંશરૂપ વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. માટે દર્શક દર્શક જ છે. દેખનારો દેખનારો જ છે—એ નિશ્ચય છે.

## મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે...

જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે! અમારો ભગવાન અમારી પાસે છે, અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા! પંચમકાળમાં મુનિઓએ અપૂર્વકામ કર્યા છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલાં જ જીવો નિગોદમાંથી નિકળે બાકી તો એમ ને એમ નિગોદમાં પડયા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા! એ નિગોદમાંથી નિકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્યભાગ્ય! મહા પુણ્યના થોક હોય.. મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે!

—પૂજ્ય ગુરુદેવશ્રી (તા. ૭–૭–૮૦ ના પ્રવચનમાંથી)

## ❀ પૃથક્ રહીને જાણતું જ્ઞાન જ્ઞેયનું કેમ થઈ શકે ? ❀

શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજસ્વરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, બાકીનું કોઈ અન્ય દ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્ય દ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

(શ્રી સમયસાર કળશ–૨૧૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને દયા–દાન આદિ રાગ છે તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગાદિ જ્ઞેયને જાણતા જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી ને જ્ઞેય જ્ઞાનમાં જણાતાં જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જતું નથી. સ્ત્રી–કુટુમ્બ–પૈસો એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય પણ તેથી એ જ્ઞેયો જ્ઞાનરૂપે થઈ જાય એમ નથી.

જ્ઞાન જ્ઞેયને જાણે, જ્ઞાન જ્ઞાનરૂપે રહીને દયા–દાન આદિ વિકલ્પને જાણે તેથી શું જ્ઞાન જ્ઞેયનું થઈ જાય? આખી દુનિયા જણાય તેથી જ્ઞાન એ દુનિયારૂપ ન થઈ જાય અને જ્ઞેય પણ જ્ઞેયરૂપ રહીને જ્ઞાનમાં જણાય. જ્ઞેય જણાય માટે જ્ઞાનરૂપે થઈ જાય એમ નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને દયા–દાન આદિ રાગ છે તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગાદિ જ્ઞેયને જાણતા જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી ને જ્ઞેય જ્ઞાનમાં જણાતા જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જતું નથી. સ્ત્રી–કુટુંબ–પૈસો એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય પણ તેથી એ જ્ઞેયો જ્ઞાનરૂપે થઈ જાય એમ નથી. બાપનો આત્મા પુત્રને–જ્ઞેયને જાણે છે માટે પુત્ર જ્ઞાનરૂપ ન થઈ જાય કે જ્ઞાન પુત્રરૂપ ન થઈ જાય.

સ્ત્રી–પુત્ર–પૈસા–પુસ્તક–અક્ષર તે જ્ઞેયોને જ્ઞાન જાણે પણ જ્ઞાન તેને જાણતાં જ્ઞેયરૂપે થતું નથી કે જ્ઞેયો જ્ઞાનરૂપે થઈ જાય એમ બનતું નથી. આત્મામાં એ ચીજો જણાય માટે

તે આત્માની થતી નથી કે આત્મા તે ચીજનો થતો નથી. જ્ઞાન રાગને, શરીરને, પુસ્તકને જાણે તેથી જ્ઞાન કાંઈ તેનું થઈ જાય? –ન જ થઈ શકે. ભગવાન આત્મા તો આત્મારૂપે જ રહ્યો છે. પરને જાણવા છતાં પરરૂપે થઈને જાણતો નથી. પોતારૂપે રહીને તેને જાણે છે અને તે પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાને જાણે છે.

જે ક્ષેત્ર ને ભાવ જણાય છે તે જ્ઞાનરૂપે થઈ જાય છે? જે ક્ષેત્ર ને ભાવ જ્ઞાન જાણે છે તે ક્ષેત્ર ને ભાવરૂપે જ્ઞાન થઈ જાય છે? ન જ થઈ શકે. સ્ત્રી એ તો જ્ઞેય છે, પતિના આત્માનું જ્ઞાન તેને જાણે છે પણ જાણે છે માટે આત્મા તેનો થયો નથી કે સ્ત્રી આત્માની થઈનથી. જ્ઞાન જગતને જાણે, છતાં જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી અને એ જ્ઞેય પણ જેમાં જણાય છે તેનું થતું નથી.

રાગનો એક પણ અંશ કે પર ચીજ જ્ઞાનમાં જણાવા છતાં જ્ઞાન તે રૂપે ત્રણ કાળમાં થતું નથી અને તે ચીજ આત્મારૂપે ત્રણકાળમાં થતી નથી. જેમ ચાંદનીનું રૂપ પૃથ્વીને સફેદ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી નથી. જે પૃથ્વીને ધોળી કરે છે તે પૃથ્વી ચાંદનીની થતી નથી ને ચાંદની પૃથ્વીની થતી નથી. તેમ ચૈતન્ય પ્રકાશ બધી ચીજને જાણે, જાણે છતાં તે ચીજરૂપે જ્ઞાન થતું નથી.

ચંદ્રનો પ્રકાશ પૃથ્વીને ઉજળી કરે છે તેમ દેખાય છે છતાં ધોળાશ–પ્રકાશ ચાંદનીરૂપે રહ્યો છે, પૃથ્વીરૂપે પ્રકાશ થયો નથી. તેમ જ્ઞાનમાં ભિન્ન ભિન્ન જ્ઞેય જણાય માટે પરજ્ઞેયનું જ્ઞાન થઈ જાય છે તેમ નથી. અક્ષરો જ્ઞાનમાં જણાય તેથી શું અક્ષરો જ્ઞાનના થઈ જાય છે? શરીર, વાણી, મન, રાગને જ્ઞાન પોતાના અસ્તિત્વમાં રહીને પોતાના સામર્થ્યથી જાણે છે તેથી શું આત્મા તે રૂપે થઈ જાય છે?—કે તે ચીજ આત્મારૂપે થઈ જાય છે? —ન જ થઈ શકે.

સાકરનો સ્વાદ આવ્યો તેને જ્ઞાન પોતના સામર્થ્ય દ્વારા જાણે તોપણ જ્ઞાન ગળપણરૂપે થતું નથી કે ગળપણ જ્ઞાનરૂપે થતું નથી. આ કેવળજ્ઞાની છે એમ જ્ઞાન જાણે છતાં જ્ઞાન તે કેવળજ્ઞાનરૂપે થતું નથી કે એ કેવળજ્ઞાન જ્ઞાનરૂપે થતું નથી. ભિન્ન ભિન્ન જ્ઞેયો જ્ઞાનમાં જણાય તેથી તે જ્ઞેયો જ્ઞાનના થાય તેમ બનતું નથી.

જ્ઞાનસ્વરૂપી ભગવાન જગતના પદાર્થને જાણે છે છતાં જ્ઞાન તે પદાર્થરૂપ થતું નથી. જ્ઞાનમાં જ્ઞેય આવતું નથી તો તે જ જ્ઞેય કેમ જણાય છે?—કે તે કાળે જ્ઞાનની તે પર્યાય પોતાના સ્વપરપ્રકાશપણાને લઈને થઈ છે, પરને લઈને થઈ જ નથી. જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

( ગતાંકથી ચાલુ )

## શુદ્ધાત્મ-અવલોકન

## जाण अलिंगग्गहणम् ।

( શ્રી પ્રવચનસાર, ગાથા–૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

### * પ્રવચન આઠમું *

( વીર સંવત ૨૫૦૪, માગશર સુદ ૪, બુધવાર, તા. ૧૪–૧૨–૭૭ )

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૧૭૨ માં અલિંગગ્રહણનો આ દશમો બોલ આવ્યો છે.

**જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ ( –મલિનતા, વિકાર ) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૦.**

સૂર્યના એટલા તેજ છે કે ચંદ્રના તેજથી પણ અધિક છે, પ્રકાશનો પુંજ છે, તેને હજારકિરણ કહે છે અને ચંદ્રને સોળ કળા કહે છે. સૂર્યના પ્રકાશના તેજને કોઈ અંધકાર –મેલપ નથી, પર્યાયમાં મેલાશ નથી તેની અહીં વાત છે. એમ ભગવાન આત્માને પુણ્ય–પાપની મલિનતા તેના ઉપયોગમાં છે જ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો ભાવ એ અશુદ્ધ ઉપયોગ છે, એ આત્માનો ઉપયોગ નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

આત્મા વસ્તુ છે તેના જાણવાના પાંચ જ્ઞાનના, ત્રણ અજ્ઞાનના મળીને આઠ ને ચાર ચક્ષુ–અચક્ષુદર્શના મળીને ઉપયોગના બાર પ્રકાર થાય છે તે ઉપયોગની અહીં તો વાત નથી, અહીં તો શુદ્ધ ઉપયોગની વાત છે. કેમ કે પોતે ચૈતન્યસૂર્ય છે તેના પરિણામ જે છે તે શુદ્ધઉપયોગ શુદ્ધ છે. એને લિંગથી એટલે કે પરથી ગ્રહણ નથી. ઉપયોગનામના લક્ષણમાં ગ્રહણ એટલે મલિનતા નથી; અત્યારે ઉપયોગની વાત ચાલે છે. પ્રભુ ચૈતન્યસૂર્ય છે તેનો વર્તમાનમાં ઉપયોગમાં—શુદ્ધ આચરણરૂપ ઉપયોગ છે, તેમાં મલિનતા નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ મલિન છે, હિંસા, જુઠ, ચોરી, વિષય, ભોગ, વાસના એ પરિણામ તો મલિન–અશુભ છે એ તો એના ઉપયોગમાં નથી; પણ જેના ઉપયોગમાં શુભભાવનો વિકાર છે એ પણ એના ઉપયોગમાં નથી.

જેમ સૂર્યના પ્રકાશને મલિનતા નથી તેમ ભગવાન આત્માના ઉપયોગમાં શુભરાગ આદિની મલિનતા નથી. હવે જે એનામાં નથી તેનાથી તે જણાય એટલે કે શુભરાગથી આત્મા જણાય–એમ નથી. એ તો શુદ્ધ ઉપયોગથી જણાય એવી એ ચીજ છે. ઉપયોગમાં ઉપરાગ–મલિનતા નથી; આત્મામાં મલિનતા નથી એ વાત તો એક બાજુએ રહી ગઈ. જે ઉપયોગ આત્માને અવલંબે થાય તે એનું લક્ષણ છે તે લક્ષણમાં મલિનતા નથી; જે લક્ષણથી આત્મા જણાય તે લક્ષણ શું છે?–કે જે ઉપયોગ છે તેમાં રાગનું વિકારપણું નથી એવા શુદ્ધ ઉપયોગથી તે જણાય એવો આત્મા છે અને એ શુદ્ધ ઉપયોગને જ આત્માનું લક્ષણ કહેવામાં આવે છે.

હીરાને પાસા–પહેલ બહાર હોય છે અને ભિન્ન ભિન્ન હોય છે. આ ભગવાન આત્મામાં અનંતગુણ અભ્યંતર છે અને જે સ્થાનમાં એકગુણ છે તે સ્થાનમાં અનંતગુણો છે, ભિન્નભિન્ન નથી. એવા આત્માના વર્તમાન પરિણામરૂપ જે ઉપયોગ છે એમાં પુણ્ય–પાપના મલિનતાનો વિકાર નથી એને અહીં આત્માનો ઉપયોગ અને લક્ષણ કહેવામાં આવે છે. અશુદ્ધ ઉપયોગમાં અચારિત્રની પર્યાય થાય, આમાં ચારિત્રની પર્યાય શુદ્ધ છે. શ્રી દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે કે બાર પ્રકારનો જે ઉપયોગ છે તે જુદી ચીજ છે, એ તો ફક્ત જાણવું–દેખવું એટલું જ છે અને આ ઉપયોગ છે તે શુદ્ધ અને અશુદ્ધ આચરણની સાથેનો ઉપયોગ છે.

અહીં સૂર્યની ઉપમા કેમ આપી છે?–કે ચંદ્રનો પ્રકાશ એટલો તેજવાળો નથી જ્યારે સૂર્ય તો હજી જ્યાં બહાર આવે નહિ ત્યાં પ્રકાશ...પ્રકાશ થઈ પડે છે, અને સૂર્યના પ્રકાશમાં બહાર ચંદ્ર હોય તો તેનો પ્રકાશ સાવ તેજ વિનાનો ખાખરાના પાંદડા જેવું લાગે તેમ ભગવાન આત્માનો ઉપયોગ તો આનંદનો ઉપયોગ શુદ્ધ ઉપયોગ છે, શુભ–ઉપયોગવાળાને શી ખબર પડે કે એનો સ્વાદ કેવો છે. આહાહા! ગજબ વાત કરે છે ને! આ અલિંગગ્રહણના એકેક શબ્દમાં એકલો સાર ભર્યો છે, ખૂબ ગંભીર છે.

અંદર ચૈતન્ય ભગવાન સૂર્યસમાન ઝળહળતો પ્રકાશે છે. સૂર્યને તો હજાર કિરણો હોય અને આ ભગવાન આત્માને તો અનંત કિરણો અનંતગુણના અનંત પર્યાયો પ્રગટ છે. એમાં પણ એનો જે શુદ્ધઉપયોગ છે તેને અહીં ઉપયોગ કહેવામાં આવે છે. શુભરાગ જેને લોકો મોક્ષનો માર્ગ કહે છે અને મોક્ષના માર્ગનું કારણ કહે છે એ રાગ એના શુદ્ધ ઉપયોગમાં છે જ નહિ. આહાહા! ગજબ વાતો છે, દિગમ્બર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે, પણ લોકોને એનું વાંચન નહિ, શ્રવણ નહિ, અંદર દરકાર નહિ; શાસ્ત્ર અભ્યાસ જોઈએ, એને વારંવાર અભ્યાસ જોઈએ, તે વિના જે રીતે કહે છે તે વાત અંદરમાં બેસશે નહિ.

જેને લિંગમાં એટલે ઉપયોગ નામના લક્ષણમાં—ભગવાન આત્માને એના ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની પેઠે, સૂર્યના કોઈ કિરણમાં મલિનતા નથી તેમ ભગવાનના શુદ્ધ ઉપયોગમાં શુભરાગની ક્રિયાની મલિનતા નથી. એ શુદ્ધ ઉપયોગથી આત્મા જણાય એવો છે. કોઈક એમ કહે છે કે અત્યારે શુદ્ધઉપયોગ નથી –તો એનો અર્થ એવો થયો કે શુદ્ધ ઉપયોગથી સમ્યગ્દર્શન થાય છે તેથી સમ્યગ્દર્શન પણ અત્યારે નથી, અને તેથી ધર્મ જ નથી.

ચૈતન્યસૂર્ય ભગવાન જેમાં અંદર અનંત અનંત ગુણના ઢગલા પડયા છે, રત્નના ઢગલા જેમાં પડયા છે, રત્નની રાશિ પોતે ભગવાન એના ઉપયોગમાં જેમ સૂર્યમાં મલિનતા જરીયે નથી, કોલસાનો કણ–અંધકારનો કણ–મલિનતા શું તેના કોઈ કિરણમાં છે? એમ ભગવાન આત્માના ઉપયોગમાં મલિનતાનો કણ નથી; એ તો શુદ્ધ ઉપયોગી છે. એવો એક અર્થ અલિંગગ્રહણમાંથી નીકળે છે. જેમ સૂર્યના કિરણમાં મલિનતાનો વિકાર નથી તેમ ચૈતન્યસૂર્ય ભગવાનને તેના ઉપયોગરૂપી કિરણમાં–લક્ષણમાં શુભરાગની મલિનતા પણ નથી, એને આત્માનો શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

આ તો આચાર્યભગવાને કહ્યું છે, ઘણું ઘણું સમાડી દીધું છે, શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે "જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ પડયા છે." ચૈતન્યસૂર્ય પ્રભુ એનો જે ઉપયોગ છે તેમાં શુભરાગનો વિકૃતભાવ ગ્રહણ નથી; સૂર્યને ગ્રહણ છે તેથી કાંઈ એનું કિરણ મલિન થયું નથી, ગ્રહણ દૂર રહી જાય છે. એમ અહીં આવરણ છે તે દૂર રહી જાય છે. સૂર્યને ગ્રહણ તો થાય છે, પણ એ અપેક્ષાએ મલિનતા છે પણ એ મલિનતા એની પર્યાયમાં ક્યાં છે? બીજાને એમ દેખાય છે કે આ ગ્રહણ છે પણ ત્યાં તો છે તે ઉદ્યોતમય છે; તેમ ચૈતન્યભગવાનસૂર્ય કાયમ ત્રિકાળી જ્યાં છે ત્યાં નિર્મળાનંદ, નિર્મળ સ્વરૂપે પ્રકાશમાન છે. અહીં ગ્રહણ લેવું નથી. ગ્રહણ તો ચંદ્ર–સૂર્ય બન્નેને છે, એ તો દૂર રહેલું છે; એમ આત્મામાં આવરણ કહેવાય છે પણ કર્મનાં રજકણો તો દૂર રહ્યા છે. એનામાં પોતાની ઉલટી દશાથી જે મલિનતાના પરિણામ થાય છે એ તો એના અસ્તિત્વમાં થાય છે છતાં એ અસ્તિત્વ શુદ્ધ ઉપયોગમાં નથી. ક્ષયોપશમ હોય તોપણ એ શુદ્ધ ઉપયોગ જ છે, એ શુદ્ધ ઉપયોગ જ કેવળજ્ઞાનનું સાધન છે, અને શુદ્ધ ઉપયોગ જ દ્રવ્યને જાણી શકે છે.

સૂર્યમાં જેમ મલિનતા નથી તેમ ભગવાન આત્માના ઉપયોગ લક્ષણમાં શુભરાગની મલિનતા નથી. એ તો શુદ્ધ ઉપયોગલક્ષણ છે, તે શુદ્ધ ઉપયોગલક્ષણથી તે દ્રવ્ય જણાય છે અને શુદ્ધ ઉપયોગ તે આત્માનો ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગ તે આત્માનો ઉપયોગ નહિ; કારણ કે અશુદ્ધ ઉપયોગ છે તે પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ ને આસ્રવતત્ત્વમાં આવે છે, તે આત્માના

ભાવમાં તો નથી પણ એના ઉપયોગ લક્ષણમાં પણ તે નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે તે તો પુણ્યતત્ત્વમાં જાય છે, તે આત્મામાં નથી ને આત્માના શુદ્ધ ઉપયોગમાં પણ નથી. શુદ્ધ ઉપયોગ તે સંવર અને નિર્જરા છે અને શુદ્ધ ઉપયોગ એ લક્ષણ દ્રવ્યનું છે; એથી દ્રવ્યમાં તો પુણ્ય–પાપ તત્ત્વ નથી, આસ્રવતત્ત્વ નથી તેથી ભાવબંધ પણ તેના ઉપયોગમાં નથી, એના ઉપયોગમાં તો સંવર–નિર્જરાનો શુદ્ધ ઉપયોગ છે.

એક જણ કહે કે શું સમયસાર! હું તો સમયસાર પંદર દિવસમાં જ વાંચી ગયો. સાત તત્ત્વની જ વાત છે ને!! તેને કહે છે કે ભાઈ! સમયસારને સમજવું એ તો અલૌકિક વાતો છે. તેમાં સાત તત્ત્વની શું પણ એક આત્મતત્ત્વની જ વાત છે. અહીં કહે છે કે હે સમયસાર ભગવાન! તને લાખ વાર વાંચે તોપણ તારો પાર આવે એમ નથી એવી ચીજ તું છો.

અહીં કહે છે કે એ આત્માના ઉપયોગમાં સૂર્યની માફક ઉપરાગ મલિનતા નથી તે અલિંગગ્રહણ છે. આનું નામ અલિંગગ્રહણ છે. એક શબ્દમાં આચાર્ય સંતોએ કમાલ કરી નાખ્યા છે. અલિંગગ્રહણમાંથી આ અર્થ નીકળ્યો. રાગની મલિનતાથી ગ્રહાય–પકડાય એવો એ આત્મા નથી, એવો એનો ઉપયોગ જ નથી. આ રીતે આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. રાગનો અભાવ કરી જેણે આત્માના અંતરમાં ઉપયોગ મૂક્યો તેનાથી તે આત્મા જણાય અને તે શુદ્ધ ઉપયોગ એનું લક્ષણ અને ઉપયોગ છે. બાકી (૧) રાગાદિ એનો ઉપયોગ પણ નહિ (૨) અને એનું લક્ષણ પણ નહીં અને (૩) એનાથી આત્મા જણાય ને ઓળખાય એમ પણ નહિ. અહીં તો સૂર્યના કિરણની અંદર જેમ મલિનતાનો અભાવ તેમ મલિનતાનો અભાવ એવો શુદ્ધ ઉપયોગ તે આત્માનું લક્ષણ છે. આહાહા! ગજબ વાત કરી છે ને!! કેટલું સમાડયું છે! દિગમ્બર સંતો, કેવળીભગવાનના કેડાયતો, કેવળજ્ઞાનને ઝડપથી લેવાના. આ પંચમકાળ છે એટલે ઉપયોગે કામ ન કર્યું પણ સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી મનુષ્ય થઈ ને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના છે. દિગમ્બર સંતોની આ દશા છે.

આ રીતે આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે, શુદ્ધ ઉપયોગસ્વભાવી જ આત્મા છે, શુદ્ધતાનો ઉપયોગ તેને જ આત્માનો ઉપયોગ કહીએ. એ દશમો બોલ થયો. અલિંગગ્રહણના ૨૦ અર્થમાંથી આત્માના શુદ્ધ ઉપયોગમાં મલિનતા નથી તેવા અર્થની પ્રાપ્તિ થાય છે, એવો તેમાં અર્થ કહેવા માગે છે. એક એક શબ્દમાં આગમના આગમ ભર્યા છે. નિમિત્તને આધીન જે વિકાર થાય તે શુદ્ધ ઉપયોગમાં નથી, સ્વભાવને આશ્રયે જે પર્યાય થાય, જે ઉપયોગ થાય તે શુદ્ધ ઉપયોગ છે અને તેને જ તેનું લક્ષણ કહેવામાં આવે છે. આત્માના ઉપયોગનું લક્ષણ શુદ્ધ ઉપયોગને જ કહેવામાં આવે છે. રાગને પોતાનો માનીને પોતાનો ઉપયોગ કહે છે, માને છે તે બધા અનાત્મા છે. લોકોને વાંચવું નથી, વિચારવું

નથી, અને એમાંથી સ્વના આશ્રયની વાત કેવી રીતે નીકળે તે કાઢતા નથી. આ સ્વનો આશ્રય કરવાની વાત છે. હવે અગીયારમો બોલ કહે છેઃ–

**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૧**

લિંગદ્વારા એટલે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહણ જેને નથી, એના ઉપયોગથી પુદ્‌ગલનું ગ્રહણ થાય એવો એ આત્મા નથી, એવો એનો ઉપયોગ નથી. પુદ્‌ગલકર્મનું ગ્રહણ તો નિમિત્તપણે શુભ–અશુભ રાગને હોય, અહીં ઉપયોગ એને કહીએ કે જેનાથી કર્મ ગ્રહવામાં નિમિત્ત ન થાય. કર્મ આવવામાં નિમિત્ત ન થાય તેને આત્માનો ઉપયોગ ને લક્ષણ કહેવામાં આવે છે. સંતો જ્યારે આની વ્યાખ્યા કરતા હશે—કેવળીના મુખની તો શું વાત કરવી!—સંતો જ્યારે સભામાં આ કહેતા હશે ત્યારે આનંદમાં ઝૂલતા ઝૂલતા આ વ્યાખ્યા થઈ ગઈ. આ તો ટાઢા પેટે શાંતિથી સાંભળે તો સમજે એવું છે. શાંતિને પ્રગટ કરીને સાંભળે તો એને શાંતિથી આ આત્મા જણાય અને શાંતિ તે એનો ઉપયોગ ને લક્ષણ છે અને તેનાથી કર્મનું ગ્રહણ છે નહિ એને અહીં જીવનો–આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. શુદ્ધ ઉપયોગ છે તે કર્મ ગ્રહણમાં નિમિત્ત નથી, શુભ ઉપયોગ છે તે કર્મગ્રહણમાં નિમિત્ત છે. કર્મ આવે છે એને કારણે પણ એનામાં નિમિત્ત કોણ છે?—કે રાગ, અને શુદ્ધ ઉપયોગમાં રાગ છે નહિ માટે એને ગ્રહણનું નિમિત્ત પણ છે નહિ. ભગવાન અનંત ચૈતન્યના રત્નોથી અંદર ખીચોખીચ ભર્યો છે. અનંત...અનંત...સંખ્યાની અનંતતા...એટલા રત્નોથી ભરેલો ભગવાન એને પહોંચી વળવા માટે ઉપયોગ જે છે તે તો શુદ્ધ છે; તે એનું લક્ષણ છે અને તેનાથી તે જણાય એવો છે. દયા, દાન, ને વ્રત, ભક્તિથી આત્મા જણાય એ એનું લક્ષણ જ નથી. જેનાથી કર્મ ગ્રહણ થવામાં નિમિત્તપણું થાય એ એનો ઉપયોગ જ નથી. આહાહા! આ તો અલૌકિક અગમ્ય ગમ્યની વાતો છે. બાપુ! અરે, એણે અંતરનો અભ્યાસ કોઈ દિવસ કર્યો નથી કે આ અંતરમાં શું ચીજ છે!! આત્મા...આત્મા...આત્મા...કહે છે પણ તે શું ચીજ છે? શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે “સત્ સરળ છે, અને સત્ તે સર્વત્ર સત્ છે.” ગમે તે જગ્યાએ જાય, નરકમાં જાય, સ્વર્ગમાં જાય, બહાર જાય–પણ એ તો જે શુદ્ધ ઉપયોગવાળો છે તે શુદ્ધ ઉપયોગવાળો જ છે.

ભગવાન આત્માનો ઉપયોગ એને કહીએ કે જેના ઉપયોગથી કર્મ ગ્રહણ થાય એવું જેનામાં નિમિત્તપણું નથી, નિમિત્તનો અર્થ ગ્રહે છે માટે નિમિત્ત–એમ નહિ. કર્મ રજકણની પર્યાય તો તેના કારણે આવે છે, પણ એમાં શુભ ને અશુભ ઉપયોગ નિમિત્ત છે, નિમિત્તનો અર્થ એણે પરમાણુને ગ્રહ્યાં છે–એમ નથી. શ્રી દ્રવ્ય સંગ્રહમાં ભાષા એવી આવે કે યોગને લઈને પ્રકૃત્તિ અને પ્રદેશ ગ્રહાય છે અને કષાયને કારણે સ્થિતિ ને રસ થાય છે. એટલે શું યોગનું કંપન છે તે કર્મની પ્રકૃતિનો સ્વભાવ અને પરમાણુને ગ્રહે છે એવું છે? શબ્દ તો એવા આવ્યા છે પણ એ તો નિમિત્તનું કથન છે. કોઈએ હમણાં એવો અભિપ્રાય પ્રગટ કર્યો છે કે અહીંવાળા નિમિત્ત માનતા નથી એમ નહિ, નિમિત્ત તો માને છે, પણ નિમિત્તથી પરમાં કાંઈ થાય—એમ માનતા નથી, —એ બરાબર કહ્યું છે.

ક્રમબદ્ધનો નિર્ણય કરનારનો ઉપયોગ દ્રવ્ય ઉપર જાય છે. જે સમયે જે પર્યાય થવાની તે ક્રમબદ્ધમાં છ એ દ્રવ્યની થાય, પણ એનો નિર્ણય કરનારની દ્રષ્ટિ પર્યાય ઉપર ન રહે. પર્યાયમાં ક્રમબદ્ધપણું છે અને એ ક્રમબદ્ધમાં કર્તાપણું ઉડી જાય છે, એટલે કે રાગનું–દયા, દાનના પરિણામનું કર્તાપણું ક્રમબદ્ધમાં ઉડી જાય છે; ત્યારે એ જ્ઞાતા–દ્રષ્ટા થાય છે એ એનો પુરુષાર્થ છે. કેટલાક કહે છે કે આ તો નિયતવાદ છે, જે સમયે જે થવાનું હશે તે થશે–તે નિયતવાદ છે; તેને કહે છે કે ભાઈ, સાંભળ તો ખરો! જે સમયે જે થવાનું તે થવાનું એ નિયતવાદની સાથે તેનો પુરુષાર્થ ને સ્વભાવ સાથે છે; તેનો નિર્ણય કરવામાં સ્વભાવ છે અને પુરુષાર્થ પણ છે; અને થયેલી લબ્ધિ તે કાળે થાય તે કાળલબ્ધિ છે, તથા તે પ્રકારે તે ભાવ થવાનો તે સમય છે તે ભવિતવ્યતા છે અને તે સમયે તે પ્રકારના કર્મનું નિમિત્તપણાનો અભાવ સ્વતઃ છે.

ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી એટલે કે પુદ્‌ગલકર્મનો જેને સંબંધ નથી એવા ઉપયોગને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. શુભ–અશુભને કર્મ આવવાનો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ છે પણ શુદ્ધ ઉપયોગમાં એ નિમિત્ત–નૈમિત્તક સંબંધ છે નહિ. શ્રી સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે કે નિર્જરા ને ઉદયનો તે જાણનાર છે, બંધનો જાણનાર છે ને મોક્ષનો પણ જાણનાર છે. શુદ્ધ ઉપયોગ થાય છે ત્યારે કર્મની નિર્જરા થાય છે તે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. આ નિમિત્ત–નૈમિત્તકસંબંધ છે એટલે તે કર્મને નિર્જરાવે છે એમ નથી, નિમિત્ત નિર્જરાવે તો નિમિત્ત કહેવાતું નથી. અહીં શુદ્ધ ઉપયોગ થયો માટે કર્મને નિર્જરવું પડયું–એમ નથી. એ સમયનો કર્મનો પર્યાય ત્યાં છૂટવાનો કાળ હતો એને આ નિમિત્ત કહેવામાં આવ્યું, એટલે એનાથી ત્યાં છૂટયું છે એમ નથી. પહેલેથી જેને ભૂલ હોય તે ભૂલ પાછળના બધામાં આવે. એક ને બે ચાર થઈ જાય, પછી ચાર ચોકુ સોળને સોળ તેરી અડતાલીસ

–તેમાં પહેલી ભૂલ બધે ચાલી જ આવે છે; એમ પરને હું પકડી શકું છું અને રાગથી મારો આત્મા જણાય છે એવી પહેલી ભૂલ જેની છે તેની બધે જ ભૂલ છે.

અજ્ઞાની માને છે કે મેં રાગ કર્યો તે મારું કર્તવ્ય છે, અને રાગ મેં કર્યો માટે કર્મ આવ્યા એમ એણે માન્યું છે પણ એમ નથી. રાગ તો ફક્ત નિમિત્ત જ થયું અહીં તો એમ કહેવું છે કે રાગ છે અને રાગના નિમિત્તથી કર્મનું ગ્રહવું થાય છે એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, આવો સંબંધ શુદ્ધ ઉપયોગમાં નથી. ઉપયોગલક્ષણ એને કહીએ કે જે કર્મ આવવામાં નિમિત્ત ન હોય. કર્મ પોતાના ઉપાદાનથી એને કારણે આવે પણ એમાં નિમિત્તપણું શુભ અશુભરાગનું છે, એ નિમિત્તથી ગ્રહ્યાં એમ કહેવામાં આવ્યું; પણ શુદ્ધ ઉપયોગ છે તેને તો કર્મનું આવવાનું નિમિત્તપણું પણ છે નહિ. આહાહા! એક એક શબ્દમાં, એક એક અર્થમાં કેટલો ભાવ ભર્યો છે! આચાર્યભગવાનને કહેવાનો અભિપ્રાય શું છે એ એણે શાંતિથી જાણવું જોઈએ, એને કહેવાનો કાંઈ અભિપ્રાય હોય ને પોતે કાંઈકનું કાંઈક અંદરથી કાઢે—તે મોટી પાયાની ભૂલ છે.

અહીં કહે કે શુદ્ધ ઉપયોગ છે તે તેનું લક્ષણ છે ને તેનામાં મલિનતા નથી, તેથી તે શુદ્ધ ઉપયોગને કર્મ ગ્રહવામાં નિમિત્તપણું નથી એને અહીં શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. કર્મ આવવામાં જેને નિમિત્તપણું છે તે ઉપયોગને આત્માનો ઉપયોગ કહેતા નથી. આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે. ભાવકર્મ તો દયા, દાન, પુણ્ય–પાપના ભાવ અને દ્રવ્યકર્મ એમાં નિમિત્ત, એવું ભાવકર્મ એને છે જ નહિ તેથી કર્મના ગ્રહવામાં એ નિમિત્ત છે નહિ. દ્રવ્યકર્મથી અસંબદ્ધ છે એમ લીધું છે, દ્રવ્યકર્મનો ઉપયોગમાં સંબંધ જ નથી. દ્રવ્યકર્મ તો ક્યાંય ભિન્ન રહી ગયું, તેની પાસે આવતુંયે નથી. અહાહા! ભાગ્યશાળીને કાને પડે તેવી વાત છે. ભાઈ! ભગવાનના શ્રીમુખે નીકળેલી વાત છે, માર્ગ તો આ છે, એ માર્ગમાં કાંઈ ફેરફાર કરે તો એનો આત્માનો ફેરફાર થઈ જશે. કહે છે કે કર્મને ગ્રહવામાં શુદ્ધ ઉપયોગ નિમિત્ત નથી તેથી તે શુદ્ધ ઉપયોગને જીવનું લક્ષણ કહેવામાં આવે છે કે જેને કર્મનો સંબંધ જ નથી અને કર્મનો જેને નિમિત્તસંબંધ છે એ આત્માનો ઉપયોગ અને લક્ષણ જ નથી–એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (ક્રમશઃ)

## ૬૭ મી જન્મજયંતીઃ-

ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૭ મી જન્મજયંતી શ્રાવણ વદ ૨, બુધવાર તા. ૨૭–૮–૮૦ ના રોજ હોવાથી આ મંગલકારી જન્મજયંતીનો મહોત્સવ શ્રાવણ સુદ પૂનમ તથા શ્રાવણ વદ બીજના ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે (શ્રાવણ વદ એકમનો ક્ષય છે).

## સમાચાર:–

* પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. બન્ને ટાઈમ પ્રવચનો તેમ જ રાત્રિચર્ચા ચાલી રહ્યા છે. તા. ૮–૮–૮૦ થી શિક્ષણ શિબિર શરૂ થનાર હોવાથી પ્રવચનો તેમ જ રાત્રિચર્ચા હિન્દી ભાષામાં થશે.

## શિક્ષણ–શિબિર:–

દર વર્ષની માફક આ વર્ષે પણ સોનગઢમાં અષાઢ વદ ૧૩, શુક્રવાર, તા. ૮–૮–૮૦ થી શ્રાવણ વદ ૨, બુધવાર, તા. ૨૭–૮–૮૦ સુધી શિક્ષણ–શિબિર રાખવામાં આવેલ છે. ડો. હુકમચંદજી ભારિલ્લ, શ્રી જ્ઞાનચંદજી, શ્રી નવલચંદભાઈ, શ્રી જતીશભાઈ, શ્રી અભયકુમાર, શ્રી અભિનંદન કુમાર તથા શ્રી નેમચંદભાઈ રખીયાળવાળા શિક્ષણ–શિબિરના વર્ગોનું સંચાલન કરશે. શિક્ષણ–શિબિરમાં નીચે જણાવેલ પુસ્તકો ચાલશે માટે સૌ ભાઈઓએ પુસ્તકો સાથે લાવવા સૂચના છે.

ઉત્તમવર્ગ: નયચક્ર તથા મોક્ષમાર્ગ પ્રકાશક

મધ્યમ વર્ગ: જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા, દ્રવ્યસંગ્રહ/છ–ઢાળા

જઘન્ય વર્ગ:– છ–ઢાળા તથા લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા.

* અષાઢ માસના શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા પર્વમાંથી શ્રી વૃજલાલભાઈ જેઠાલાલ શાહ તરફથી તેમના ધર્મપત્નિ સ્વર્ગસ્થ શ્રી શાંતાબેનની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રી જિન–સહસ્રવસુ–નામ–મંડલ–વિધાન પૂજા સોનગઢમાં આનંદ–ઉલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી.

## વૈરાગ્યસમાચાર:–

* જામનગરનિવાસી સમરતબેન છોટાલાલ ( વર્ષ–૭પ ) સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી સાકળીબેન મણીલાલ શાહ ( વર્ષ–૯૦ ) સ્વર્ગવાસ પામ્યા છે.

* ઈન્દોરનિવાસી શ્રીમતી ગુલાબબાઈ છોગાલાલજી પરવાર ( વર્ષ–૭પ ) તા. ૨૪–૬–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોડીયાનિવાસી દીવાળીબાઈ ગીરધરલાલ ( –તે શ્રી શાંતિભાઈ તથા કાંતિભાઈના માતુશ્રી ) ( વર્ષ–૯૬ ) તા. ૧૦–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી ઝબકબેન રામજીભાઈ ધ્રોળવાળા ( વર્ષ–૮૦ ) તા. ૨૪–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી વિજયાબેન વૃજલાલ પારેખ (ડો. જમનાદાસ પારેખના ભત્રીજી) (વર્ષ–૬૪) તા. ૧૮–૬–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત મુમુક્ષુઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો, વારંવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીની ભવતાપહારિણી અમૃતવાણીનો લાભ લેતા હતા. સદ્‌ગતનો આત્મા વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## મુમુક્ષુને...


* નામધારી જૈનને પણ રાત્રિના ખોરાક ન ખવાય. રાત્રિના ઝીણી જીવાંતો ખોરાકમાં આવી જાય છે તેથી તે ખોરાકમાં માંસનો દોષ ગણાય છે, એથી નામધારી જૈનને પણ રાત્રે ખોરાક ન ખવાય. અથાણામાં પણ ત્રસ જીવ થઈ જાય છે, એ પણ જૈનને ન હોય. જેમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય એવો ખોરાક જ જૈનને હોય નહિ.

પ્રશ્નઃ–મુંબઈમાં તો માણસો રાત્રે નોકરીમાંથી આઠ નવ વાગે માંડ ઘેર પહોંચતા હોય છે તો એ શું કરે?

ઉત્તરઃ–એવી નોકરી છોડી દેવી જોઈએ. વહેલું જમી લેવાય એમ કરવું જોઈએ. પણ રાત્રિના ખોરાક ખવાય નહિ. જેમાં ત્રસ ઘાત થતો હોય એવો ખોરાકનો તો નામધારી જૈનને ત્યાગ જોઈએ.

અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે! ભવિષ્યમાં હું ક્યાં જઈશ! સોનગઢના કહેવાતા માણસે ખ્યાલ રાખવો જોઈએ.

–પૂજ્ય ગુરુદેવશ્રી (રાત્રિચર્ચામાંથી)




* ચાર ગતિના દુઃખોનો ક્ષય થાઓ. આઠ કર્મોનો ક્ષય થાઓ, જ્ઞાનનો લાભ થાઓ, પંચમગતિમાં ગમન થાઓ. સમાધિ–મરણ થાઓ તથા જિનરાજના ગુણોની સંપત્તિ મને પ્રાપ્ત થાઓ.

( શ્રી કુંદકુંદ આચાર્ય–દશ ભક્તિ )

* લક્ષ્મી સહિત ચિંતામણી, દિવ્ય નવનિધિ, કામધેનુ તથા કલ્પવૃક્ષ–આ બધા ધર્મના અનાદિકાળથી સેવક છે તેમ હું માનું છું.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ–ધર્મભાવના, શ્લોક–૪ )

* બંધન સમાન કોઈ દુઃખ નથી અને છૂટવા સમાન કોઈ સુખ નથી. બંધનથી બંધાયેલ પશુ પણ છૂટવા ઇચ્છે છે અને જ્યારે તે છૂટે છે ત્યારે સુખી થાય છે. આ સામાન્ય બંધનના અભાવથી પણ પશુ સુખી થાય છે તો કર્મ–બંધનના અભાવથી જ્ઞાનીજન પરમ સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે!

( શ્રી યોગીન્દ્ર દેવ, પરમાત્મા–પ્રકાશ, અધિકાર–૨, દોહા–૫ )

* જે ભગવાન આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા અકસ્માત જ આનંદ પૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે; તે ભગવાન આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યાં છો?

( પદ્મનંદિ–પંચવિંશતિ : ધર્મોપદેશામૃત, શ્લોક–૧૪૬ )

**આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ**

૧૨૨૩ શ્રી મણીલાલ પન્નાલાલ જૈન મુંબઈ
૧૨૨૪ શ્રી ઝવેરચંદ એન્ડ અંબાલાલ જૈન મુંબઈ
૧૨૨૫ શ્રી લલીતાબેન મથુરાદાસ ભણસાલી મુંબઈ
૧૨૨૬ શ્રી દામોદર પાનાચંદ ડગલી મુંબઈ
૧૨૨૭ શ્રી પ્રકાશચંદ્ર ક્રાંતીલાલ શેઠ મુંબઈ
૧૨૨૮ શ્રી શાંતીલાલ પાનાચંદ ડગલી મુંબઈ
૧૨૨૯ શ્રી ગોરધનદાસ કાનજીભાઈ જામખંભાલીયા
૧૨૩૦ શ્રી જીવણભાઈ રૂગનાથભાઈ પોરબંદર
૧૨૩૧ શ્રી જયંતીલાલ માણેકલાલ વોરા મુંબઈ
૧૨૩૨ શ્રી રમણલાલ મણીલાલ શાહ મુંબઈ
૧૨૩૩ શ્રી લાલચંદ મોતીલાલ જૈન પારોલા
૧૨૩૪ શ્રી લલીત કે. કોઠારી મુંબઈ
૧૨૩૫ શ્રી વેણીલાલ શીવલાલ ગાંધી સાંગલી
૧૨૩૬ શ્રી પ્યારચંદ ભાગચંદ જૈન મુંબઈ
૧૨૩૭ શ્રી ભાનુભાઈ એમ. શાહ અમદાવાદ
૧૨૩૮ શ્રી શોભનાબેન અશ્વીનભાઈ અમદાવાદ
૧૨૩૯ શ્રી માંગીલાલ દલીચંદ જૈન અમદાવાદ
૧૨૪૦ શ્રી ચુનીલાલ જીવણલાલ દોશી અમદાવાદ
૧૨૪૧ શ્રી હસમુખરાય કાંતીલાલ શાહ ભાયંદર
૧૨૪૨ શ્રી વિનયચંદ શાંતિલાલ શાહ વઢવાણ
૧૨૪૩ શ્રી ચંદુલાલ લક્ષ્મીદાસ દોશી મુંબઈ
૧૨૪૪ શ્રી હસમુખલાલ શાંતીલાલ દોશી વીરાર
૧૨૪૫ શ્રી વનેચંદ પાનાચંદ ભાયાણી લાઠી
૧૨૪૬ શ્રી હસમુખરાય શામળજી કામાણી મુંબઈ
૧૨૪૭ શ્રી બાબુલાલ અમૃતલાલ દોશી મદ્રાસ
૧૨૪૮ શ્રી કુમુદબેન હીમંતલાલ શેઠ મુંબઈ
૧૨૪૯ શ્રી નરોત્તમદાસ ચુનીલાલ તલસાણીયા મુંબઈ
૧૨૫૦ શ્રી રમણલાલ ચત્રભુજ કોઠારી રાજકોટ
૧૨૫૧ શ્રી ડો. ઉપેન્દ્ર રમણલાલ કોઠારી જામનગર
૧૨૫૨ શ્રી ભરત એસ. જરદોશ મુંબઈ
૧૨૫૩ શ્રી ભુપતરાય અમૃતલાલ દોશી મુંબઈ
૧૨૫૪ શ્રી સુભાષચંદ્ર ચીમનલાલ વોરા સુરેન્દ્રનગર
૧૨૫૫ શ્રી પ્રકાશ ગેસ્ટ હાઉસ મુંબઈ
૧૨૫૬ શ્રી મંજુલાબેન મણીલાલ જૈન મુંબઈ
૧૨૫૭ શ્રી મનુભાઈ પુરુષોત્તમ કામદાર મુંબઈ
૧૨૫૮ શ્રી સમીર જે. ઉદાણી મુંબઈ
૧૨૫૯ શ્રી મંગળદાસ ચંપકલાલ કામદાર મુંબઈ
૧૨૬૦ શ્રી રાજેન્દ્ર વસંતલાલ શાહ મુંબઈ
૧૨૬૧ શ્રી ચંદ્રકાંત છગનલાલ વાઘેર મુંબઈ
૧૨૬૨ શ્રી વિમળભાઈ શાહ અમદાવાદ
૧૨૬૩ શ્રી અમૃતલાલ ત્રંબકલાલ સંઘવી લીંબડી
૧૨૬૪ શ્રી મનસુખલાલ હાથીભાઈ વોરા મુંબઈ
૧૨૬૫ શ્રી કાંતીલાલ વનેચદ દેસાઈ મોરબી
૧૨૬૬ શ્રી નિર્મળાબેન દોશી સોનગઢ
૧૨૬૭ શ્રી હેમલત્તા શાંતિલાલ શાહ મુંબઈ
૧૨૬૮ શ્રી રજનીકાંત જગમોહનદાસ દોશી અકલતરા
૧૨૬૯ શ્રી પ્રવીણચંદ્ર દેવકરણ શાહ મુંબઈ
૧૨૭૦ શ્રી કે. પી. પીઠડીયા રાજકોટ
૧૨૭૧ શ્રી અશોક કે. પીઠડીયા મુંબઈ

**આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/= (ક્રમશઃ)**

તંત્રી : ડો. ચંદુભાઈ ટી. કામદાર પ્રતઃ ૩૨૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦)